

NAVSARJAN SANSKRUTI RNI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 141
Dt.: 28-03-2025,
Friday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


યુઝર્સ હવે આ ફીચર્સનો લાભ ઉઠાવી શકશે

# ડિજિટલ પેમેન્ટને વધુ સુલભ બનાવવા BHIM ૩.૦ લોન્ચ

### BHIM એપમાં ત્રીજી અપડેટ યુઝર્સ, બિઝનેસ અને બેન્કોની સુવિધાને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ડિજિટલ પેમેન્ટને વધુ સુલભ અને સરળ બનાવવાના ઉદ્દેશ સાથે નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સતત તેમાં ટેક્નોલોજિકલ સુધારાઓ કરી રહ્યા છે. **BHIM** એપને વધુ સુલબ બનાવતાં **NPCI**એ **BHIM** ૩.૦ લોન્ચ કરી છે. જેમાં પેમેન્ટ કરવા ઉપરાંત ખર્ચાઓને મેનેજ કરવું પહેલાં કરતાં પણ વધુ સરળ અને સ્માર્ટ થયું છે. **BHIM** એપમાં ત્રીજી અપડેટ યુઝર્સ, બિઝનેસ અને બેંકોની સુવિધાને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવી છે. બિલ રજૂ કરવાની સુવિધાઃ હવે તમે મિત્રો અને પરિવાર સાથે ખર્ચ વહેંચી શકો છો. ઘરનું બાડું હોય, ખાણી-પીણીનું બિલ હોય અથવા કોઈ ગ્રુપ શોપિંગ હોય હવે **BHIM** ૩.૦માં સ્પ્લિટ પેમેન્ટ કરવાની સુવિધા આપવામાં આવી છે. જેનાથી હિસાબ કરવો સરળ બનશે.

ફેમિલી મોડઃ હે તમે તમારા પરિવારના સભ્યોને જોડી તેમના ખર્ચાઓ પર નજર રાખી શકશો. સાથે જરૂરી પેમેન્ટને અસાઈન પણ કરી શકો છો. જેનાથી પૂરો પરિવાર એક સાથે ફાઈનાન્સિયલ પ્લાનિંગ કરી શકશે.

ખર્ચનો હિસાબઃ નવુ સ્પેન્ડ એનાલિટિક્સ ફીચર તમને દરમહિને કરેલા ખર્ચની વિગતો આપશે. તે ઓટોમેટિક રીતે ખર્ચને જુદી-જુદી કેટેગરીમાં વહેંચી શકશે. જેનાથી બજેટ બનાવવું અને બચત પણ કરવી સરળ બનશે.

રિમાઈન્ડર એલર્ટઃ હવે એપ પર તમે પેન્ડિંગ બિલ, યુપીઆઈ લાઈટ એક્ટિવેશન અને બેલેન્સ ઓછું થવા પર જાતે જ રિમાઈન્ડર મોકલશે. જેનાથી જરૂરી પેમેન્ટ ચૂકી જવાના કિસ્સા ઘટશે.

**NPCI**ના નોન-એક્ઝિક્યુટીવ ચેરમેન અજય કુમાર ચૌધરીએ જણાવ્યું હતું કે, **BHIM** ૩.૦ ભારતની ડિજિટલ ઈકોનોમીને વેગ આપવા માટેનું મોટું પગલું છે. **NBSL**ના સીઈઓ લલિતા નટરાજને જણાવ્યું હતું કે, આ અપડેટ ખાસ કરીને ભારતીયોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આપવામાં આવી છે.

જેનાથી ડિજિટલ પેમેન્ટ તમામ માટે સરળ અને સુરક્ષિત બનશે. **BHIM** ૩.૦ હવે ૧૫થી વધુ પ્રાદેશિક ભાષામાં ઉપલબ્ધ થશે. જેનાથી દેશના તમામ લોકો ડિજિટલ પેમેન્ટનો લાભ ઉઠાવી શકશે.

પીએમ મોદીને લઈને કહી દીધી આ વાત

# ભારત આવી રહ્યાં છે પુતિન, રશિયા-યૂક્રેન યુદ્ધ વચ્ચે પ્રવાસ

### રશિયન વિદેશ પ્રધાન સેરગેઈ લવરોવે આ વાતની પુષ્ટિ કરી અને કહ્યું કે પુતિનની ભારત મુલાકાત માટે તૈયારીઓ ચાલી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ટૂંક સમયમાં ભારતની મુલાકાતે આવશે. રશિયા-યૂક્રેન યુદ્ધ પછી આ તેમની પહેલી ભારત મુલાકાત હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે રશિયાની મુલાકાત દરમિયાન પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું, જેનો પુતિને હવે સ્વીકાર કરી લીધો છે.



ગુરુવારે રશિયન વિદેશ પ્રધાન સેરગેઈ લવરોવે આ વાતની પુષ્ટિ કરી અને કહ્યું કે પુતિનની ભારત મુલાકાત માટે તૈયારીઓ ચાલી રહી છે, જોકે તેમણે મુલાકાતની તારીખ જાહેર કરી નથી. લવરોવે કહ્યું, 'રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતીય વડાપ્રધાનનું આમંત્રણ સ્વીકાર્યું છે.' હવે આપણો વારો છે. આ મુલાકાત એટલા માટે પણ ખાસ છે કારણ કે ભારત અને રશિયા વચ્ચેના સંબંધો હંમેશા મજબૂત રહ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ તેમના ત્રીજા કાર્યકાળ પછીના પ્રથમ વિદેશ પ્રવાસમાં રશિયાની મુલાકાત લીધી. હવે, પુતિનની ભારત મુલાકાત બંને દેશો વચ્ચેના વધુ મજબૂત સંબંધોનો સંકેત છે.

આ મુલાકાત દરમિયાન પુતિન અને મોદી બંને યૂક્રેન યુદ્ધ, ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા પછીના વૈશ્વિક ફેરફારો અને અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. ભારતે યુક્રેન યુદ્ધ પર હંમેશા તટસ્થ વલણ જાળવી રાખ્યું છે. વડા પ્રધાન મોદીએ પુતિનને કહ્યું હતું કે 'આ યુદ્ધનો યુગ નથી'. ભારતે રશિયા વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રમાં પસાર થયેલા ઠરાવો પર મતદાન કરવાનું પણ ટાળ્યું છે અને પુતિનની જાહેર ટીકા કરવાનું ટાળ્યું છે.

પ્રધાનમંત્રી મોદીએ ૨૦૨૪ માં એક એવું પગલું ભર્યું જે બહુ ઓછા નેતાઓએ કર્યું. તેમણે રશિયા અને યૂક્રેન બંનેની મુલાકાત લીધી અને યૂક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેંન્સ્કીને પણ મળ્યા. આ ઉપરાંત, વડાપ્રધાન મોદી ઓક્ટોબરમાં રશિયાના કાઝાનમાં બ્રિક્સ સમિટમાં પણ ગયા હતા. પુતિનની આ આગામી મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવી શકે છે અને રશિયા-યૂક્રેન યુદ્ધની અસર પર નવી વાટાઘાટોનો માર્ગ પણ ખોલી શકે છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અગાઉ ૦૬ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ ભારતની મુલાકાતે આવ્યા હતા. તે સમયે, તેઓ માત્ર ૪ કલાક માટે ભારત આવ્યા હતા અને આ સમય દરમિયાન ભારત અને રશિયા વચ્ચે ૨૮ કરારો પર હસ્તાક્ષર થયા હતા. આમાં લશ્કરી અને તકનીકી કરારોનો પણ સમાવેશ થતો હતો.

જાગેશ્વર સાથે પાતાલ ભુવનેશ્વરના પણ થશે દર્શન

# આદિ કૈલાશ અને ઓમ પર્વત યાત્રાનું શેડ્યુલ જાહેર

### પહેલી ટીમ ૧૪ મેના રોજ કાઠગોદામથી રવાના થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કૈલાસ માનસરોવર યાત્રા આ વર્ષે શરુ થવાની આશા સાથે કુમાઉ મંડળ વિકાસ નિગમ **(KMVN)** એ આદિ કૈલાસ-ઓમ પર્વત યાત્રાનું શેડ્યુલ જાહેર કર્યું છે. કૈલાસ યાત્રાની પહેલી ટીમ ૧૪ મેના રોજ કાઠગોદામથી રવાના થશે. આ ટીમ યાત્રા પૂર્ણ કર્યા પછી કાઠગોદામમાં રિપોર્ટ કરશે. તેમજ ધારચૂલાથી યાત્રાની પહેલી ટીમ ૧૫ મેના રોજ રવાના થશે. કાઠગોદામથી આઠ અને ધારચુલાથી પાંચ ટીમો યાત્રા પર જશે.

કાઠગોદામથી જતાં શ્રદ્ધાળુઓ ગોલ્જુ મંદિર ચિતાઈ, પ્રસિદ્ધ શિવ મંદિર જાગેશ્વર અને પાતાળ ભુવનેશ્વર ગુફાના પણ દર્શન કરશે. ઑક્ટોબર ૨૦૨૩માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યાત્રા પછી આદિ કૈલાસ-ઓમ પર્વત યાત્રા માટે શ્રદ્ધાળુઓની સંખ્યામાં મોટો વધારો થયો છે.

યાત્રાના શેડ્યુલ પ્રમાણે પહેલા દિવસે ભક્તોનું ગ્રૂપ કાઠગોદામથી ભીમતાલ, જાગેશ્વર થઈને ૧૯૬ કિમીનું અંતર કાપીને પિથોરાગઢ પહોંચશે અને બીજા દિવસે તેઓ પિથોરાગઢથી ધારચુલા પહોંચવા માટે ૯૬ કિમીનું અંતર કાપશે. પહેલો બેઝ કેમ્પ ધારચુલામાં રહેશે. ત્રીજા દિવસે, યાત્રાળુઓ ધારચુલાથી ગુંજી જશે, ચોથા દિવસે ગુંજીથી વાયા નબી-કુટી થઈને નાભીઢાંગ જશે. ગણેશ પર્વતના દર્શન કર્યા બાદ નાગ પર્વત, વ્યાસ ગુફા, કાલાપાણીમાં કાલી મંદિર, નબી પર્વત અને ઓમ પર્વતના દર્શન કરશે.

પાંચમા દિવસે ગુંજીથી જ્યોલીકાંગ રવાના થશે. અહીંથી કુટ્ટી ગામ, નિક્કુ પર્વત દર્શન, પાર્વતી સરોવર, આદિ કૈલાસ, પાંડવ પર્વત, પાર્વતી મુગટના દર્શન કરશે. છઠ્ઠા દિવસે બુંદીથી ધારચુલા થઈને ચૌકોડી, પાતાળ ભુવનેશ્વર ગુફાના દર્શન કરી યાત્રા પૂર્ણ કર્યા પછી આઠમા દિવસે અલ્મોરાથી કાઠગોદામ પાછા ફરીશું.

બીજી તરફ ધારચુલાથી શરુ થયેલી યાત્રામાં પહેલા દિવસે બેઝ કેમ્પ ધારચુલા બીજા દિવસે ધારચુલાથી ગુંજી, ત્રીજા દિવસે ગુંજીથી નાભિદાંગ, ચોથા દિવસે ગુંજીથી જ્લોલિમ્બકાંગ અને બુંદી હશે. પાંચમા દિવસે શ્રદ્ધાળુઓ બુંદીથી ધારચુલા પાછા ફરશે.

કૈલાસ માનસરોવર યાત્રા-૨૦૨૫ ની તૈયારીઓ પણ શરુ થઈ ગઈ છે. યાત્રા અંગે બુધવારે સેના અને વહીવટીતંત્ર વચ્ચે બેઠક યોજાઈ હતી. બ્રિગેડિયર ગૌતમ પઠાનિયાએ કૈલાસ માનસરોવર યાત્રાને ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણાવી અને કહ્યું કે, 'સેના ઊંચા હિમાલયમાં યાત્રાના સંચાલનમાં સંપૂર્ણ મદદ કરશે. અહીં, ભારત અને ચીન વચ્ચે તાજેતરમાં થયેલી બહુ-સ્તરીય બેઠક બાદ એવી આશા કરવામાં આવી રહી છે કે, કૈલાસ માનસરોવર યાત્રા ૨૦૨૫માં ફરી શરુ થશે.

સરકાર ટૂંક સમયમાં વધારી શકે છે ભાવ

# ડાયાબિટીસ, કેન્સર અને હાર્ટની દવાઓ મોંઘી થશે!

### કેન્દ્ર દ્વારા દવાઓના ભાવમાં જે વધારો કરવામાં આવ્યો છે તેની અસર બજારમાં બે-ત્રણ મહિના પછી જોવા મળશે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટૂંક સમયમાં મોંઘવારીની અસર આરોગ્ય સેવાઓ પર જોવા મળશે. કેન્સર, ડાયાબિટીસ, હૃદયરોગ અને એન્ટિબાયોટિક્સ જેવી આવશ્યક દવાઓના ભાવમાં વધારો થવાની સંભાવના છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરકારી સૂત્રોએ ખુલાસો કર્યો છે કે આ દવાઓની કિંમતોમાં ૧.૭% સુધીનો વધારો થવા જઈ રહ્યો છે. નિષ્ણાતોના મતે ફાર્મા ઉદ્યોગમાં ઉત્પાદન ખર્ચમાં વધારો અને કાચા માલના ભાવમાં વધારો આ ભાવ વધારાના મુખ્ય કારણો છે. ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ્સ (એઆઈઓસીડી)ના જનરલ સેક્રેટરી રાજીવ સિંઘલનું કહેવું છે કે આનાથી ફાર્મા કંપનીઓને રાહત મળશે, પરંતુ સામાન્ય જનતાને વધારાનો નાણાકીય બોજ સહન કરવો પડશે.

સરકારનો દાવો છે કે આ વધારો નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી **(NPPA)**ના દવાના ભાવ નિયંત્રણ નિયમો હેઠળ થશે, જેના કારણે તેની અસર મર્યાદિત રહેશે. નવા ભાવની અસર ૨-૩ મહિનામાં બજારમાં જોવા મળશે. ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ્સ **(AIOCD)**ના જનરલ સેક્રેટરી રાજીવ સિંઘલનું કહેવું છે કે વધેલી કિંમતોથી ફાર્મા ઈન્ડસ્ટ્રીને રાહત મળશે.

કાચા માલની કિંમત અને અન્ય ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે ફાર્માસ્યુટિકલ કંપનીઓને અસર થઈ રહી છે.

સરકાર ભાવ વધારશે પછી તેની અસર ૨ થી ૩ મહિનામાં દેખાશે. તેનું કારણ એ છે કે બજારમાં ૯૦ દિવસનો સ્ટોક પહેલેથી જ ઉપલબ્ધ છે. ફાર્મા કંપનીઓ ઘણી વખત નિયત ભાવ વધારાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. સંસદીય સ્થાયી સમિતિના અહેવાલ મુજબ, નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી **(NPPA)** એ ૩૦૭ કેસમાં ફાર્મા કંપનીઓ નિયમો તોડતી હોવાનું શોધી કાઢ્યું છે.

૨૦૧૩ ના ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર હેઠળ એનપીપીએ દ્વારા દવાઓની કિંમતો નક્કી કરવામાં આવે છે. કંપનીઓએ નિયત મર્યાદામાં કિંમતો નક્કી કરવાની હોય છે.

નેશનલ એસેન્શિયલ મેડિસિન્સ લિસ્ટ ૨૦૨૨ હેઠળ ભાવ નિયંત્રણને કારણે દર્દીઓને વાર્ષિક ૩,૭૮૮ કરોડ રૂપિયાની બચત થઈ હતી.

આ વધારા પછી દર્દીઓ પર તેની કેટલી અસર થશે અને સરકાર આ મુદ્દાને કેવી રીતે સંતુલિત કરે છે તે જોવું રહ્યું.અહીં ઉલ્લેખનીય બાબત એ પણ છે કે સરકારે ૨૦૨૫-૨૦૨૬ ના બજેટમાં બહારથી આયાત થતી દવાની ડ્યુટીમાં રાહત આપી હતી, હવે ઘરેલુ ઉત્પાદિત દવામાં ભાવ વધારો થવાનો છે.

સીએમ રેખા ગુપ્તાની મોટી જાહેરાત

# દિલ્હીમાં મળશે NEET અને CUETની ફ્રી કોચિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના સીએમએ શિક્ષણ મંત્રીની હાજરીમાં વિદ્યાર્થીઓ માટે મોટું પગલું ભર્યું છે. દિલ્હીની સરકારી શાળાઓના ૧,૬૩,૦૦૦ બાળકોને **CUET** અને **NEET** પ્રવેશ પરીક્ષાઓ માટે મફત કોચિંગ આપવા માટે ગુરુવારે મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને દિલ્હીના શિક્ષણ પ્રધાન આશિષ સૂદની હાજરીમાં એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સાથે, દિલ્હીની સરકારી શાળાઓમાંથી વધુને વધુ બાળકો સારી કોલેજોમાં જશે અને ડોકટરો અને એન્જિનિયરોની પ્રવેશ પરીક્ષા પાસ કરી શકશે.

સરકારી શાળાના બાળકોને મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજમાં મોકલવા માટે સરકારે **BIG** અને **Physics Wala** સાથે આ કરાર કર્યા છે. આ એમઓયુ હેઠળ સરકારી શાળાના બાળકોને દરરોજ ૬ કલાક અને કુલ ૧૮૦ કલાક ઓનલાઈન વર્ગો આપવામાં આવશે.

આ વિશે બોલતા દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'રાજધાની દિલ્હીના બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ રહે તે માટે ન્નઈઈ્ ૨૦૨૫ અને **CUET** ૨૦૨૫ની તૈયારી માટે દિલ્હી સરકારના શિક્ષણ નિયામકના વિદ્યાર્થીઓને વિશેષ ઓનલાઈન ક્લાસ આપવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તે સારી મેડિકલ કોલેજો અને કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં એડમિશન લઈ શકે છે.

આ વિશે વાત કરતા દિલ્હીના શિક્ષણ મંત્રી આશિષ સૂદે કહ્યું, 'દિલ્હી સરકારની એક ઐતિહાસિક પહેલ આજે સાકાર થઈ છે.

આ પહેલ હેઠળ, દિલ્હી સરકારના શિક્ષણ નિર્દેશાલયે **BIG** અને **Physics Wala** નામની સંસ્થા સાથે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં ૩૦ દિવસ એટલે કે ૧૮૦ કલાકની તૈયારી વિદ્યાર્થીઓને મફતમાં આપવામાં આવશે. જેમાં દરરોજ ૩ કલાકનું ફ્રી કોચિંગ સામેલ હશે.

છેલ્લા કેટલાક સમયથી દિલ્હી સરકાર રાષ્ટ્રીય રાજધાનીમાં શિક્ષણ પ્રણાલીને વધુ સુધારવા માટે પગલાં લઈ રહી છે.

આ પહેલા આમ આદમી પાર્ટીની કેજરીવાલ સરકાર પણ શિક્ષણ પ્રણાલીમાં સુધારાને પોતાની મોટી ઉપલબ્ધિઓમાંની એક તરીકે રજૂ કરતી રહી છે.

રેલવેનો મોટો નિર્ણય

# જો તમારી પાસે વેઈટિંગ ટિકિટ હશે, તો પણ સ્ટેશન પર નહીં મળે એન્ટ્રી

**રેલવે સ્ટેશનો પર ભીડ વ્યવસ્થાપનને સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાઃ કેન્દ્રીય રેલવે મંત્રી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સંસદમાં માહિતી આપી હતી કે, રેલવે સ્ટેશનો પર ભીડ વ્યવસ્થાપનને સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. આમાં પહોળા ફૂટ-ઓવર-બ્રિજ, સીસીટીવી સર્વેલન્સ અને વોર રૂમની વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવ્યો છે. તહેવારો અને મેળાઓ દરમિયાન ભારે ભીડને નિયંત્રિત કરવા માટે, રેલવેએ મર્યાદિત પ્રવેશ નિયંત્રણ પ્રણાલી લાગુ કરી છે. આ વ્યવસ્થા હેઠળ, સ્ટેશનોની બહાર હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા છે, જ્યાં ટ્રેન પ્લેટફોર્મ પર ન આવે ત્યાં સુધી મુસાફરોને પ્રવેશ આપવામાં આવશે નહીં. રેલવે મંત્રીના જણાવ્યા મુજબ, ૨૦૨૪ ના તહેવારોની મોસમ દરમિયાન, સુરત, ઉધના, પટના અને નવી દિલ્હીમાં હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા હતા. મહાકુંભ દરમિયાન પ્રયાગરાજના નવ સ્ટેશનો પર પણ આ સિસ્ટમ લાગુ કરવામાં આવી હતી. આ અનુભવોના આધારે, દેશભરના ૬૦ સ્ટેશનો પર કાયમી વેટિંગ એરિયા બનાવવામાં આવશે.

હવે ૬૦ સ્ટેશનો પર સંપૂર્ણ પ્રવેશ નિયંત્રણ લાગુ કરવામાં આવશે. ફક્ત કન્ફર્મ રિઝર્વ્ડ ટિકિટ ધરાવતા મુસાફરોને જ પ્લેટફોર્મ પર પ્રવેશ આપવામાં આવશે, જ્યારે વેઈટિંગ લિસ્ટ અને ટિકિટ વગરના મુસાફરોએ બહારના વેઈટિંગ એરિયામાં રહેવું પડશે. અનધિકૃત પ્રવેશદ્વારો પણ સીલ કરવામાં આવશે. રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે, નવી ડિઝાઈનના ૧૨ મીટર અને ૬ મીટર પહોળા એફઓબી બનાવવામાં આવશે, જે ભીડ વ્યવસ્થાપનમાં મદદરૂપ થશે. આ ઉપરાંત, તમામ મુખ્ય સ્ટેશનો પર દેખરેખ માટે સીસીટીવી કેમેરાની સંખ્યા વધારવામાં આવશે. આ સાથે, મુખ્ય રેલવે સ્ટેશનો પર વોર રૂમ બનાવવામાં આવશે, જ્યાં ભીડના કિસ્સામાં તમામ વિભાગોના અધિકારીઓ સંકલનમાં કામ કરશે. બધા જ ભીડભાડવાળા સ્ટેશનો પર વોકી-ટોકી, જાહેરાત સિસ્ટમ અને ડિજિટલ કોમ્યુનિકેશન સાધનો સ્થાપિત કરવામાં આવશે.

રેલવે કર્મચારીઓને નવા ગણવેશ અને ઓળખપત્ર આપવામાં આવશે, જેથી ફક્ત અધિકૃત વ્યક્તિઓ જ સ્ટેશનોમાં પ્રવેશ કરી શકશે. મુખ્ય સ્ટેશનો પર સ્ટેશન ડિરેક્ટરોની નિમણૂક કરવામાં આવશે જેમને નાણાકીય સત્તાઓ આપવામાં આવશે જેથી તેઓ તાત્કાલિક નિર્ણયો લઈ શકે.

સ્ટેશન ડિરેક્ટરને સ્ટેશનની ક્ષમતા અને ઉપલબ્ધ ટ્રેનો અનુસાર ટિકિટના વેચાણને નિયંત્રિત કરવાનો અધિકાર આપવામાં આવશે. સ્ટેશનો પર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ય્ઁ, સ્થાનિક પોલીસ અને નાગરિક વહીવટીતંત્ર પણ સામેલ થશે. આ ઉપરાંત, નવી દિલ્હી રેલવે સ્ટેશન પર તાજેતરમાં થયેલી ભાગદોડમાંથી બોધપાઠ લેતા, રેલવે ઝોનલ અધિકારીઓને પ્લેટફોર્મ ટિકિટના વેચાણને નિયંત્રિત કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. જોકે, વૃદ્ધો, અભણ અને મહિલા મુસાફરોને મદદ કરવા માટે ચોક્કસ ખાસ પરિસ્થિતિઓમાં પ્લેટફોર્મ ટિકિટ જાહેર કરવામાં આવશે.

રશિયા સામેના યુદ્ધમાં યુક્રેન એકલું પડ્યું

# અમેરિકા બાદ NATO સૈન્ય યુક્રેનને મદદ કરવાના મૂડમાં નથી

### બીજી તરફ યુક્રેન હવે યુદ્ધના મેદાનમાં પીછેહઠ કરી રહ્યું છે અને રશિયા આગળ વધી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કિવ

યુરોપિયન દેશો સહિત **NATO** ગઠબંધનના સભ્ય દેશો કથિત રીતે પોતાની એ યોજનાથી પીછે હટ કરી રહ્યા છે, જેના હેઠળ યુક્રેનને લશ્કરી સહાય આપવાની યોજના બનાવવામાં આવી હતી. અગાઉ એવા અહેવાલો હતા કે, શાંતિ કરારની સ્થિતિમાં યુરોપિયન દેશો યુક્રેનને ભવિષ્યમાં રશિયન આક્રમણથી બચાવવા માટે ત્યાં સૈન્ય તહેનાત કરશે અને લશ્કરી સહાય પૂરી પાડશે, પરંતુ હવે આ યોજના તૂટી રહી હોય તેવું લાગી રહ્યું છે. નાટો દેશોના આ પગલાથી યુક્રેનને મોટો ઝટકો લાગ્યો છે. એક અહેવાલ પ્રમાણે યુરોપિયન નેતાઓ હવે બદલાયેલા ભૂ-રાજકીય સંજોગોમાં બ્રિટન અને ફ્રાન્સ દ્વારા પ્રસ્તાવિત સૈનિકો મોકલવાના પડકારો પર વિચાર કરી રહ્યા છે, અને તેને પલટાવી દેવાની યોજના પર કામ કરી રહ્યા છે. ટ્રમ્પ વહીવટી તંત્ર હેઠળ તાજેતરના સમયમાં યુએસ-રશિયા સંબંધોમાં સુધારો થયો છે અને મોસ્કો ધીમે-ધીમે વોશિંગ્ટનની નજીક આવી રહ્યું છે, તેથી યુરોપિયન દેશો હવે તેમના પ્રસ્તાવથી પાછળ હટી રહ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. બીજી તરફ યુક્રેન હવે યુદ્ધના મેદાનમાં પીછેહઠ કરી રહ્યું છે અને રશિયા આગળ વધી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. એક યુરોપિયન રાજદ્વારીએ જણાવ્યું કે, 'યુરોપિયન દેશો પાછળ હટી રહ્યા છે અને તેઓ જે કરી રહ્યા છે અથવા કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા તેને બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે, અને આ ક્ષણે તે કરવું સૌથી સમજદારી ભર્યું પગલું હોઈ શકે છે.' અન્ય એક રાજદ્વારીએ જણાવ્યું કે, જ્યારે યુક્રેન સારી સ્થિતિમાં હતું, ત્યારે સૈનિકો મોકલવાનો વિચાર આકર્ષક લાગી રહ્યો હતો. પરંતુ હવે યુક્રેન ગ્રાઉન્ડ લેવલ પર અને અમેરિકન વહીવટી તંત્ર સાથે નબળું પડ્યું છે, તેથી હવે યુરોપિયન દેશોની યોજના વધારે આકર્ષક નથી રહી.' તમને જણાવી દઈએ કે, આ મહિને ૧૧ માર્ચે ફ્રાન્સની રાજધાની પેરિસમાં ૩૦થી વધુ દેશોના સૈન્ય અધિકારીઓની એક મીટિંગ યોજાઈ હતી. તેને પેરિસ યોજના નામ આપવામાં આવ્યું, જેમાં એક આંતરરાષ્ટ્રીય સૈન્યની રચના પર ચર્ચા કરવામાં આવી. આ પ્રકારના સૈન્યનો હેતુ યુક્રેનમાં યુદ્ધવિરામ અમલમાં આવ્યા પછી રશિયાને બીજી વાર હુમલો કરતાં અટકાવવાનો અને હુમલાની સ્થિતિમાં બચાવવાનો હતો. આ બેઠકમાં નાટો ગઠબંધનના લગભગ તમામ દેશોના ચીફ ઑફ સ્ટાફ અથવા તેમના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જોકે, અમેરિકાને આ માટે આમંત્રણ નહોતું આપ્યું. બીજી તરફ અમેરિકા રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ લાગુ કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. યુક્રેન બાદમાં ૩૦ દિવસના યુદ્ધવિરામ માટે સંમત થયું. જોકે, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે તાજેતરમાં થયેલી ટેલિફોન વાતચીતમાં રશિયાએ આંશિક યુદ્ધવિરામ માટે સંમતિ વ્યક્ત કરી હતી અને યુક્રેનના ઊર્જા અને અન્ય મોટા ઠેકાણા પર હુમલો ન કરવાનું વચન આપ્યું હતું. આ અઠવાડિયે યુક્રેન અને રશિયા પણ કાળા સમુદ્રમાં યુદ્ધવિરામ પર સંમતિ વ્યક્ત કરી હતી. આમ પુતિન હવે ધીમે-ધીમે અમેરિકા સાથેના સંબંધો સુધારી રહ્યા છે. પુતિને અમેરિકા પાસેથી અનેક પ્રતિબંધો હટાવવાની માગ કરી છે. તેના પર ટ્રમ્પે પણ સકારાત્મક ખાતરી આપી છે. યુરોપિયન દેશોને આ જોડાણ ખતરનાક લાગી રહ્યું છે, તેથી તેઓ પોતાની યોજનાથી પીછે હટ કરી રહ્યા છે.

# તંત્રી લેખ......

## ન્યાયતંત્રમાં પારદર્શિતાનો સવાલ

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માના ઘરે રોકડ મળવાનો કિસ્સો હાલમાં ચર્ચામાં છે, અને તેનાથી ન્યાયપાલિકાની સાખને પણ ભારે આઘાત લાગ્યો છે. કદાચ એટલે જ પહેલી વાર દેશના મુખ્ય ન્યાયાધીશે આ મામલા સંબંધિત પ્રારંભિક રિપોર્ટ અને બળેલી નોટોના વીડિયો જાહેર કર્યા. ભારતીય ન્યાયપાલિકા લોકતંત્રનો એક મહત્ત્વપૂર્ણ સ્તંભ છે, જે બંધારણ અને નાગરિક અધિકારોની રક્ષા કરે છે. પરંતુ હાલનાં વર્ષોમાં ન્યાયપાલિકામાં પારદર્શિતા, જવાદારી અન ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા મુદ્દાઓએ તેની વિશ્વસનીયતા પર સવાલ ઊભા કર્યા છે. ભારતમાં જ્યાં ન્યાયપાલિકાની સ્વતંત્રતાને સર્વોચ્ચ માનવામાં આવી છે, ત્યાં જ પારદર્શિતાનો અભાવ કેટલીય વાર શંકા અને ટીકાનો વિષય બનતી રહી છે. ન્યાયમાં વિલંબ, ન્યાયાધીશોની નિયુક્તિ પ્રક્રિયાની ગુપ્તતા અને ન્યાયિક અધિકારીઓ પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપોને કારણે ન્યાયિક સુધારની માંગ છેલ્લા કેટલાય વર્ષોથી કરાઈ રહી છે, પરંતુ હાલમાં જસ્ટિસ વર્મા પ્રકરણ બાદ તેની જરૂરિયાત પહેલાં કરતાં વધારે અનુભવાઈ રહી છે. હાલમાં ભારતમાં ન્યાયાધીશોની નિયુક્તિ કોલેજિયમ પ્રણાલી દ્વારા થાયછે, જેમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ જ ન્યાયાધીશોની પસંદગી કરે છે. તેમાં સરકાર કે જનતાની કોઈ ભૂમિકા નથી હોતી, જેનાથી પારદર્શિતા અને જવાબદારી પર સવાલ ઉઠે છે. ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ (એનજેએસી)ને ગેરબંધારણીય ગણાવી દીધું, જેનાથી સુધારની સંભાવનાઓ પર ટાઢું પાણી રેડાઈ ગયું. ન્યાયપાલિકાની સ્વતંત્રતાને જાળવી રાખતાં નિયુક્તિ પ્રક્રિયાને વધુ પારદર્શી બનાવવાની ચર્ચા આજે પણ ચાલુ છે. દેશભરની અદાલતોમાં પાંચ કરોડથી વધારે કેસો પડતર છે. કેસોની પતાવટમાં દાયકાઓનો સમય લાગી જાય છે, જેનાથી નાગરિકોના અધિકારો પર પ્રતિકૂળ પ્રભાવ પડે છે. 'ન્યાયમાં વિલંબ એ ન્યાયથી વંચિત રાખવા સમાન છે' આ સિદ્ધાંત અહીં ચરિતાર્થ થાય છે. પરંતુ ન્યાયપાલિકાની પારદર્શિતા પર સૌથી મોટો પ્રશ્નચિહ્ન ત્યારે લાગે છે જ્યારે ભ્રષ્ટાચારના કિસ્સા સામે આવે છે. આવી ઘટનાઓ ન્યાયપાલિકાની અંદર જવાબદારી અને નિરીક્ષણની જરૂરિયાતને ઉજાગર કરે છે. ન્યાયપાલિકા જે પડકારો સામે ઝઝૂમી રહી છે, તેને ધ્યાનમાં રાખતાં જસ્ટિસ વેંકટચેલૈયાની ભલામણોને લાગુ કરવાનો આ યોગ્ય સમય છે, જેનાથી નિયુક્તિમાં પારદર્શિતા, ન્યાયિક જવાબદારી અને અનુશાસન નક્કી થઈ શકશે. તેના માટે રાષ્ટ્રીય ન્યાયિક આયોગ જેવી સંસ્થાની રચના કરવી જોઈએ, જેમાં ન્યાયપાલિકાની સાથે સાથે કાર્યપાલિકા અહ્વે નાગરિક સમાજના પ્રતિનિધિઓની પણ ભાગીદારી હોય. ન્યાયાધીશોના આચરણ પર નજર રાખવા માટે 'ન્યાયિક પરિષદ'ની સ્થાપના કરવી જોઈએ. ન્યાયાધીશોએ પોતાની સંપત્તિઓની વિગતો જાહેર કરવી અનિવાર્ય બનાવવું જ જોઈએ, તેની સાથે જ એક સ્વતંત્ર 'ન્યાયિક લોકપાલ'ની નિયુક્તિ પણ થવી જોઈએ, જે ન્યાયપાલિકાની અંદર ભ્રષ્ટાચાર અને ગરબડોની તપાસ કરી શકે. ન્યાયિક નિયુક્તિઓ અને ન્યાયાધીશોના પ્રદર્શનની નિયમિત સમીક્ષા થવી જોઈએ. તે ઉપરાંત, ન્યાયાલયોમાં ટેકનિકલ સુધાર કરવા અને ઈ-કોર્ટની સ્થાપના કરવી જોઈએ, જેતી કેસોનો નિકાલ ઝડપથી થઈ શકે. ડિજિટલ રેકોર્ડ અને ઓનલાઈન કેસ ટ્રેકિંગ સિસ્ટમથી નાગરિકોએ પોતાના કેસોની સ્થિતિ જાણવામાં આસાની રહેશે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટોની કાર્યવાહીનું લાઈવ પ્રસારણ કરવાથી જનતાને ન્યાય પ્રક્રિયાની પ્રદર્શિતા પર ભરોસો થશે. ભ્રષ્ટાચારમાં લિપ્ત ન્યાયાધીશો અને ન્યાયિક અધિકારીઓ પર કડક દંડાત્મક કાર્યવાહી કરવી જોઈએ. પહેલાં પણ સમયે સમયે ભ્રષ્ટાચારમાં લિપ્ત ન્યાયાધીશો વિરુદ્ધ કઠોર કાર્યવાહી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વી.રામાસ્વામી પર ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં સાર્વજનિક નાણાંના દુરુપયોગના આરોપ લાગ્યા. ૧૯૯૩માં સંસદમાં તેમના વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો, જે પસાર ન થઈ શક્યો. આ પહેલો કિસ્સો હતો જ્યારે સુપ્રીમ કોર્ટના કોઈ ન્યાયાધીશ પર મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો. એના પહેલાં કલકત્તા હાઈકોર્ટના ન્યાયાધીશ સૌમિત્ર સેન પર ૧૯૮૪માં ૩૩ લાખ રૂપિયાની ઉચાપતના આરોપ લાગ્યા હતા, જ્યારે તે એક કેસમાં કોર્ટ દ્વારા નિયુક્ત કરાયેલા રિસીવર હતા. રાજ્યસભામાં તેમના વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ પસાર થઈ ગયો, પરંતુ લોકસભામાં ચર્ચાથી પહેલાં જ તેમણે રાજીનામું આપી દીધું. તે ઉપરાંત સિક્કિમ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ પીડી દિનાકરન પર ભ્રષ્ટાચાર અને જમીન દબાણના ગંભીર આરોપો લાગ્યા. મહાભિયોગ પ્રક્રિયા શરૂ થતાં પહેલાં જ તેમણે પદ પરથી રાજીનામું આપી દીધું.

સરકારી શાળાઓ ચાલુ રાખવા તંત્ર નિષ્ફળ

## રાજ્યમાં છેલ્લા ૨ વર્ષમાં ૫૦થી વધુ સરકારી શાળાઓ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૫૬ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ થઈ ગઈ છે. આ માહિતી ખુદ રાજ્ય સરકારે વિધાનસભામાં રજૂ કરી છે. સરકારે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાને કારણે આ શાળાઓ બંધ કરવી પડી છે.

પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો હતો કે છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી સરકારી શાળાઓ બંધ થઈ છે અને તેનાં કારણો શું છે. જેના જવાબમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે અમરેલીમાં ૬, અરવલ્લીમાં ૭, ભાવનગરમાં ૧, છોટા ઉદેપુરમાં ૩, ડાંગમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૯, ગીર સોમનાથમાં ૧, જામનગરમાં ૨, જુનાગઢમાં ૪, ખેડામાં ૨, કચ્છમાં ૩, મહેસાણામાં ૧, નવસારીમાં ૨, પંચમહાલમાં ૧, પોરબંદરમાં ૬, રાજકોટમાં ૩, સુરતમાં ૧ અને સુરેન્દ્રનગરમાં ૧ પ્રાથમિક સરકારી શાળા બંધ કરવામાં આવી છે.

સરકારે આ શાળાઓ બંધ થવાનું મુખ્ય કારણ વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા અથવા શૂન્ય સંખ્યા ગણાવી છે. ઘણા વિસ્તારોમાં વિદ્યાર્થીઓની સંખ્યા એટલી ઓછી થઈ ગઈ હતી કે શાળા ચલાવવી આર્થિક રીતે પોસાય તેમ નહોતું. જેના કારણે સરકારને આ શાળાઓ બંધ કરવાનો નિર્ણય લેવો પડ્યો.

સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા હંમેશાં ચર્ચાનો વિષય રહી છે. એવું માનવામાં આવે છે કે ખાનગી શાળાઓની સરખામણીમાં સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર નીચું હોય છે. આ જ કારણ છે કે આર્થિક રીતે નબળા વાલીઓ પણ દેવું કરીને પોતાના બાળકોને ખાનગી શાળામાં ભણાવવાનું પસંદ કરે છે. જોકે, ગરીબ પરિવારો માટે સરકારી શાળાઓ જ એકમાત્ર વિકલ્પ હોય છે.પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારી શાળાઓની સ્થિતિ વધુ કથળી છે. જેના કારણે વાલીઓ સરકારી શાળાઓમાં પોતાના બાળકોને મોકલવાનું ટાળી રહ્યા છે. આના પરિણામે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે અને ઘણી શાળાઓ બંધ થવાના આરે આવી ગઈ છે.ઘણા લોકો સરકારી શાળાઓમાં જ ભણ્યા છે અને તેઓ આજે જીવનમાં સફળ છે. આ દર્શાવે છે કે જો વિદ્યાર્થીઓ સમજણપૂર્વકનું શિક્ષણ મેળવે તો તેઓ પ્રગતિ કરી શકે છે, પછી ભલે તેઓ સરકારી શાળામાં ભણ્યા હોય કે ખાનગી શાળામાં.

વડાપ્રધાનશ્રીના ગુજરાત પ્રવાસ પછી બરડા સફારીની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા ફક્ત એક જ મહિનામાં બમણી થઈ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સાસણગીર ખાતે જંગલ સફારીની મુલાકાત પછી ગીર આવનારા પ્રવાસીઓની સંખ્યામાં ૧૮%થી વધુનો ઉછાળો

ગાંધીનગર, ૨૭ માર્ચ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૧ થી ૩ માર્ચ, ૨૦૨૫ દરમિયાન ગુજરાતના પ્રવાસે હતા. તેમના આ પ્રવાસના છેલ્લા દિવસે એટલે કે ૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ તેઓએ સાસણગીર સ્થિત જંગલ સફારી ખાતે 'વિશ્વ વન્યજીવ દિવસ'ની ઉજવણી કરી હતી.

તેમણે ગીર અભયારણ્યમાં સિંહ દર્શનનો આનંદ માણ્યો હતો તેમજ ઓપન જીપમાં સવાર થઈને કેમેરાથી સિંહોના ફોટા પણ પાડ્યા હતા. વડાપ્રધાનશ્રીની આ મુલાકાત પછી સાસણગીર જંગલ સફારીમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો છે.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રીની મુલાકાત પહેલાના ૨૦ દિવસમાં ગીરમાં પ્રવાસીઓની સંખ્યા ૪૯,૬૮૧ હતી, જે તેઓની મુલાકાત પછીના ૨૦ દિવસમાં વધીને ૫૯,૦૦૯ થઈ ગઈ છે, જે પ્રવાસીઓની સંખ્યામાં ૧૮.૮% નો વધારો દર્શાવે છે.

વડાપ્રધાનશ્રીની ગીર જંગલ સફારીની મુલાકાતના પગલે પોરબંદર જિલ્લામાં સ્થિત બરડા વન્યજીવ અભયારણ્ય, જે એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન કહેવાય છે, તેમાં પણ હવે પ્રવાસીઓનો રસ જાગૃત થયો છે. તેના કારણે, ફેબ્રુઆરી, ૨૦૨૫ની સરખામણીએ માર્ચ, ૨૦૨૫માં બરડા સફારીની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા બમણી થઈ છે. ફેબ્રુઆરી મહિના દરમિયાન બરડા સફારીની મુલાકાતે ૧૦૮ પ્રવાસીઓ આવ્યા હતા, જેની સામે માર્ચ મહિનામાં ૨૧૫ પ્રવાસીઓએ બરડા સફારીની મુલાકાત લીધી છે.

### બરડા વન્યજીવ અભયારણ્ય બન્યું એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન

અત્યારસુધી જૂનાગઢ સ્થિત ગીર અભયારણ્ય એશિયાઇ સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન હતું. પોરબંદર જિલ્લામાં આવેલું બરડા વન્યજીવ અભયારણ્ય ગીર સંરક્ષિત વિસ્તાર સાથે આવાસસ્થાનો, ભૌગોલિક ક્ષેત્ર અને ભૂમિપ્રદેશની દ્રષ્ટિએ ખૂબ જ સમાનતા ધરાવે છે. બરડા અભયારણ્ય સિંહ જનીનપૂલના સંરક્ષણ માટે ખૂબ જ મહત્વનું સ્થળ છે. ઐતિહાસિક રીતે તે સિંહોના નિવાસસ્થાન તરીકે જાણીતું હતું. બરડા અભયારણ્યમાં સિંહોનું જૂથ છેલ્લે ૧૮૭૯માં જોવા મળ્યું હતું. પરંતુ, પછીથી આ વિસ્તારમાં સિંહો લુપ્ત થયા હતા.





ગીરમાં ઈકો-ટુરિઝમના વિકાસ થકી વન્યજીવ સંરક્ષણની સાથે લાખો સ્થાનિકોની આવકમાં વધારો થયો છે

સિંહોને તેમના ઐતિહાસિક રહેઠાણોમાં પુનઃસ્થાપિત કરવા માટે ગુજરાત વન વિભાગે બરડા વન્યજીવ અભયારણ્યમાં આહારશ્રૃંખલાના પાયાને પુનઃસ્થાપિત કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમ ચિતલ અને સાબરના સંવર્ધન અને પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સિંહો માટે જરૂરી શિકાર પ્રજાતિઓ છે. આ સંરક્ષણ પ્રયાસોને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મોટી સફળતા મળી, જ્યારે બરડા વન્યજીવ અભયારણ્યમાં એક નર એશિયાઇ સિંહની હિલચાલ નોંધવામાં આવી. સિંહો એક સદી પછી તેમના ઐતિહાસિક નિવાસસ્થાનમાં પાછા ફર્યા. બરડા સ્થિત અભયારણ્યમાં ૮ સિંહોની વસ્તી સ્થાયી થયા પછી તેને સિંહોના 'સેકન્ડ હોમ' એટલે કે બીજા નિવાસસ્થાન તરીકે વિકસિત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં, બરડા વન્યજીવ અભયારણ્યમાં એશિયાઇ સિંહોના કુદરતી ફેલાવા અને સફળ સંવર્ધનને કારણે, બરડા આજે સિંહોના બીજા નિવાસસ્થાન તરીકે ઉભરી આવ્યું છે. આજે બરડા વન્યજીવ અભયારણ્યમાં ૧૭ સિંહો વસવાટ કરે છે, જેમાં ૧ નર, ૫ માદા સિંહ અને ૧૧ બાળસિંહ છે.

### ગીરમાં ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ગીરના સિંહોના વિસ્તારમાં ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન આપ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા 'ખૂશ્બૂ ગુજરાત કી' કેમ્પેઇન શરૂ કરવામાં આવ્યું હતું. આ કેમ્પેઇને મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષિત કર્યા. ભારતભરના પ્રવાસીઓની સાથે અન્ય દેશોના પ્રવાસીઓને પણ આમંત્રિત કરીને ગીરના સંરક્ષિત ક્ષેત્રની વિઝિબિલિટીમાં વધારો કરવામાં આવ્યો, જેનાથી ગીર વૈશ્વિક પ્રવાસન નકશા પર આવી ગયું. ગીરમાં ઈકો-ટુરિઝમના વિકાસે વન્યજીવ સંરક્ષણમાં જ યોગદાન નથી આપ્યું, પરંતુ હજારો સ્થાનિક રહેવાસીઓની આવકમાં પણ હકારાત્મક પરિવર્તન આણ્યું છે, જેનાથી આ વિસ્તારના ટકાઉ વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૩,૧૫,૬૩૭ પ્રવાસીઓએ ગીર સંરક્ષિત વિસ્તારની મુલાકાત લીધી છે.

## દુકાનના ઉદ્ધાટનને દિવસે જ ચોરીઃ ૧.૨૦ લાખના બે પટોળા ૧૫ મિનિટમાં લઈને મહિલા રફૂચક્કર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં નવી જ ખુલેલી દુકાનના ઉદ્ધાટનના દિવસે જ ચોરી થઈ હતી. જેમાં મોંઘાદાટ પાટણના પટોળાની ચોરીનો બનાવ બન્યો છે.

આ બનાવની વિગચ મુજબ સોલામાં એક કપડાંની શોપના ઓપનિંગ સમયે મહેમાનોની ભીડ વચ્ચે ગ્રાહકના સ્વાંગમાં એક મહિલા આવી હતી. જે ૧૫ મિનિટમાં ૯૦ હજારનું પાટણનું અને ૩૦ હજારનું રાજકોટનું પટોળું ચોરી ફરાર થઈ ગઈ હતી. આ ચોરીની સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા CCTVમાં કેદ થઈ ગઈ હતી. આ મામલે દુકાનમાલિકે ફરિયાદ નોંધાવતાં પોલીસે CCTV ફૂટેજના આધારે આરોપીની શોધ શરૂ કરી છે.

થલતેજ વિસ્તારમાં આવેલા સુરધારા સર્કલ નજીક સ્વીકાર ટેનામેન્ટમાં રહેતાં ઉર્વીબેન પટેલે સોલા પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ વિરુદ્ધ ૧.૨૦ લાખ રૂપિયાનાં પટોળાંની ચોરીની ફરિયાદ કરી છે. ઉર્વીબેન સંયુક્ત પરિવારમાં રહે છે અને સાયન્સસિટી રોડ પર આવેલા વ્રજ વેલેંટિયા બિલ્ડિંગમાં ધ્યાન ક્રિએશન લેડીઝ કપડાંની શોપ ધરાવીને ગુજરાન ચલાવે છે. તેમણે થોડા દિવસ પહેલાં ધ્યાન ક્રિએશનના નામે કપડાંની શોપ શરૂ કરી હતી, જેનું ઉદ્ધાટન રાખ્યુ હતું. ઉદ્ધાટન દરમિયાન સંખ્યાબંધ મહેમાનો તેમજ ગ્રાહકો આવ્યા હતા.

ઉર્વીબેન મહેમાનોને એટેન્ટ કરવામાં વ્યસ્ત હતાં, ત્યારે કોઈ અજાણી મહિલાએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતોબાદમાં ઉર્વીબેનની નજર રેક પર મૂકેલાં પાટણ અને રાજકોટનાં પટોળાં ઉપર ગઈ હતી. બન્ને પટોળાં ગાયબ થતાં ઉર્વીબેન ટેન્શનમાં આવી ગયાં હતાં અને તરત જ તેમના પરિવારને જાણ કરી દીધી હતી. ઉર્વીબેન અને તેમના પતિ અલ્પેશભાઈએ તરતજ પોલીસને જાણ કરી દીધી હતી. સમગ્ર ઘટના મામલે ઉર્વીબેન પટેલે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. આ સાથે દુકાનના CCTV ફૂટેજ ચેક કરતાં એક મહિલાની શંકાસ્પદ ગતિવિધિ જોવા મળી હતી.CCTV ફૂટેજમાં જોઈ શકાય છે કે દુકાનના ઉદ્ધાટન સમયે મહિલા સફેદ કલરનું એક્ટિવા લઈને આવી હતી અને બાદમાં ખરીદી કરવાના બહાને શોપમાં એન્ટ્રી લીધી હતી.

ગ્રાહકના સ્વાંગમાં ચહેરા પર દુપટ્ટો બાંધીને અંદાજિત ૪૦થી ૪૫ વર્ષની મહિલા દુકાનમાં આવી હતી અને પહેલા વિવિધ ડ્રેસો ચેક કર્યા હતા.

બાદમાં બ્લેક ડ્રેસ કાઢ્યો હતો અને ખોલીને એ પોતાના શરીરની આગળ રાખીને ચેક કરતી હતી. આ સમયે તેણે એક હાથથી રેકમાં પડેલું ૯૦ હજારનું પાટણનું પટોળું અને ૩૦ હજાર રૂપિયાનું રાજકોટનું પટોળું ચોરી લીધું હતું.

આમ મહિલા માત્ર ૧૫ મિનિટમાં ૧.૨૦ લાખનાં બે પટોળાં બેગમાં મૂકી એક્ટિવા લઈને રવાના થઈ ગઈ હતી.

મહિલાની આ કારીગરી જોઈને પોલીસ પણ ખુદ ચોંકી ઊઠી છે. પોલીસે CCTV કેમેરા કબજે કરીને મહિલાને ઝડપી લેવા માટે તજવીજ શરૂ કરી છે. મહિલા જે એક્ટિવા લઈને આવી હતી એ ચોરીનું હતું કે પછી પોતાનું હતું? એ મામલે પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

## ગુજરાતમાં હવે જંત્રી નહી લાગે : હાલ પુરતુ સરકારે નવી જંત્રી અમલમાં લાવવાની રાખી મોકુફ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં નકકી કરાયેલા શહેરી કક્ષાએ ૨૩૮૪૫ અને ગ્રામ્ય કક્ષાએ ૧૭૧૩૧ મળીને કુલ નવા વેલ્યુઝોન મુજબ જમીન મિલ્કતોની બજાર કિંમત નકકી કરવા માટેની કમરતોડ નવી જંત્રીના દર ની અમલવારી ૧ એપ્રિલ ૨૦૨૫ થી કરવાનુ નકકી થયા બાદ ભારે આંતરીક વિરોધ ને પગલે રાજય સરકારે હાલ પુરતુ ભાવ વધારા સાથેની નવી જંત્રી ૨૦૨૫ નો અમલ મોકુફ રાખવાનુ નકકી કર્યુ હોવાનુ જાણવા મળ્યુ છે. બુધવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી જેમાં નવી જંત્રીના મુસદા તથા તેના ઉપર મેળવાયેલા વાંધા સુચનો, રાજય અને જિલ્લા કક્ષાની સમિતિઓ દ્વારા તેની કરાયેલી સમીક્ષાઓ પછીના અહેવાલો ઉપર ચર્ચા થયા બાદ મોટાભાગના કક્ષાએ વિરોધી સુર જોયા બાદ આખરે મુખ્યમંત્રીને નવી જંત્રીનો અમલ હાલ પુરતો મોકુફ રાખવાનો નિર્ણય લીધો છે. આ કોઈ રાજય સરકાર કે તેના પ્રવકતા તરફથી થયેલી સત્તાવાર જાહેરાત નથી પણ મંત્રી મંડળની બેઠકમાં થયેલી ચર્ચાને અંતે મુખ્યમંત્રી દ્વારા અપાયેલા સંકેતની ઉચ્ચત્તમ સુત્રોમાંથી મળેલી જાણકારી છે. ૧૨ મી માર્ચ ૨૦૨૫ ના બુધવારે યોજાયેલી મંત્રી મંડળની બેઠકમાં નવી જંત્રીમાં રાહત કે ઘટાડા અંગે ચર્ચા થઈ હતી. જેમાં મુખ્યમંત્રી એ નવી જંત્રીના દર માં કોઈપણ જાતની રાહતનો કે તેના વધારાયેલા દર માં ઘટાડો કરવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો ત્યારબાદ રાજય સરકારમાં ઉચ્ચકક્ષાએથી ફીડબેક મેળવવામાં આવ્યા હતા છેવટે ગત શુક્રવારે મુખ્ય સચિવ પંકજ જોશીના અધ્યક્ષસ્થાને મહેસુલ વિભાગના અધિકારીઓની એક અતિ મહત્વની બેઠક મળી હતી જેમાં હાલની જંત્રીના અમલથી રાજય સરકારને થતી અને થનારી સ્ટેમ્પ ડયુટી તથા નોધણી ફી ની આવક ઉપરાંત હવે જો નવી જંત્રીના વધારાયેલા ધરખમ ભાવવધારાને કારણે સરકારને થનારી સ્ટેમ્પ ડયુટી અને નોધણી ફી માં થનારા સંભવિત વધારા અંગે ચર્ચા કરાઈ હતી. તેની સાથે નવી જંત્રીના દરને યથાવત રાખીને તેમાં કરાયેલા ભાવવધારો પાછો ન ખેંચાય તો શુ સ્થિતિ થાય તેની પણ ચર્ચા કરાયા બાદ તે સમગ્ર બાબતથી મુખ્ય સચિવ કક્ષાએથી મુખ્યમંત્રીને વાકેફ કરાયા હોવાની જાણકારી મળી હતી.

સ્ટીયરિંગ કમિટીમાં પાંચ મંત્રીશ્રીઓ તેમજ એક્ઝિક્યુટિવ કમિટિના ચેરમેન તરીકે મુખ્ય સચિવશ્રી

## "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનના અસરકારક અમલીકરણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સ્ટીયરિંગ કમિટીની રચના કરાઈ

'પહેલું સુખ તે જાતે નર્યા' એ પ્રત્યેક વ્યક્તિ માટે પાયાની અને આવશ્યક બાબત બને, મેદસ્વિતા પ્રત્યે નાગરિકોમાં જાગૃતિ આવે અને સ્વસ્થતાનો આ વિચાર અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સમગ્ર ગુજરાતમાં "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન' હાથ ધરવામાં આવ્યું છે. સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનની ઉજવણી અને સમગ્ર કાર્યક્રમના અસરકારક આયોજન માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં સ્ટીયરિંગ કમિટીની રચના કરવામાં આવી છે.

આ અભિયાનની અસરકારક અમલીકરણ માટે બનાવેલી સ્ટિયરિંગ કમિટીમાં પાંચ મંત્રીશ્રીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેર ડીંડોર, સામાજિક અને ન્યાય અધિકારિતા મંત્રી સુશ્રી ભાનુબેન બાબરિયા, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી અને સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ગુજરાતના મુખ્ય સચિવ શ્રી પંકજ જોષીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટિવ કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં ગુજરાત સરકારના વિવિધ ૧૧ જેટલા વિભાગના ઉચ્ચ સનદી અધિકારીનો સમાવેશ કરાયો છે. વર્ષ દરમિયાન આ અધિકારીઓએ પોતાના વિભાગ સાથે સંકલન કરીને મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન સંદર્ભે વિવિધ કાર્યક્રમો કરવાના રહેશે. આ ૧૧ વિભાગમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ; ગૃહ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ; પ્રવાસન; માહિતી અને પ્રસારણ; સામાન્ય વહીવટ વિભાગ; શિક્ષણ; આરોગ્ય અને પરિવાર કલ્યાણ; ઉદ્યોગ અને ખાણ; મહિલા અને બાળ વિકાસ તેમજ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો સમાવેશ થાય છે તેમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી 'ઓબેસિટી મુક્તિ' માટેની રાષ્ટ્રવ્યાપી પહેલ એ વર્તમાન સમયની જરૂરિયાત છે. આ અભિયાનનું મહત્ત્વ સમજી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ગૃહમાં વિશ્વ મેદસ્વિતા દિવસે 'સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની નેમ વ્યક્ત કરી હતી. જેમાં આવનારા વર્ષમાં રાજ્ય સરકાર ઓબેસિટી સામે લડવાના અભિયાનને વધુ વેગ અપાશે.

મેદસ્વિતા-જાડાપણાને દૂર કરવાની ચળવળમાં રાજ્યના દરેક નાગરિક, પ્રત્યેક પરિવાર અને સંસ્થાઓ પોતાનું યોગદાન આપીને જનભાગીદારીથી ગુજરાતને આરોગ્ય સુખાકારી માટે મોડેલ સ્ટેટ બનાવે તે જરૂરી છે. વર્તમાન સમયમાં જીવનશૈલીમાં બદલાવો - જેવા કે, વધુ પડતો સ્ક્રીનટાઈમ, ખોરાક - નિદ્રાના સમયગાળામાં ફેરફાર, શારીરિક કસરત કરતી પ્રવૃત્તિઓમાં ઘટાડો વગેરેને કારણે સમગ્ર વિશ્વમાં મેદસ્વિતા ધરાવતા અને સરેરાશ વજન કરતા વધારે વજન ધરાવતા લોકોની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જેને કારણે ડાયાબિટિસ, કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝ, પાચનતંત્રને સંલગ્ન રોગો વગેરે જેવા બિનચેપી રોગના દર્દીઓની સંખ્યા વધી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પ્રસિદ્ધ કરેલા આંકડાઓ મુજબ વિશ્વમાં દર આઠ વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિ મેદસ્વિતા ધરાવે છે. વિશ્વમાં ૧૮ વર્ષથી ઉપરના લોકો પૈકીના ૪૩ ટકા લોકો સરેરાશ વજન કરતા વધુ વજન ધરાવે છે અને ૧૬ ટકા લોકો મેદસ્વિતા ધરાવે છે.

આયુષ્માન ભારત હેલ્થ વેલનેસ સેન્ટર યોજના હેઠળ, સમગ્ર પ્રાથમિક આરોગ્ય સંભાળ દ્વારા દ્રઝઢજને નિવારવાના પાસાઓને મજબૂત બનાવાયા છે. જેમાં સામુહિક સ્તરે આરોગ્ય સુખાકારી પ્રવૃત્તિઓ અને લક્ષ આધારીત સંચારને પ્રોત્સાહન આપવામાં આવે છે. સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે જાહેર જાગૃતિ વધારવા માટેની અન્ય પહેલોમાં પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને સામુહિક જાગૃતિ ફેલાવશે.

વૈશ્વિક આરોગ્ય સંસ્થા -ઉૐ એ ઘણા વર્ષોથી વૈશ્વિક મેદસ્વિતા સંકટને અત્યાવશ્યક ગણાવ્યું છે. વર્લ્ડ હેલ્થ એસેમ્બલીએ ગ્લોબલ ન્યુટ્રિશન ટાર્ગેટ્સ, જે બાળપણમાં મેદસ્વિતામાં વધારો ન થાય તેની ખાતરી કરવા માટે અને ૨૦૨૫ સુધીમાં ડાયાબિટીસ અને મેદસ્વિતામાં વધારો અટકાવવાના દ્રઝઢ ટાર્ગેટ્સને ઉૐ સભ્ય રાષ્ટ્રોએ મંજૂરી આપી છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૨માં ૭૫મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દરમિયાન, સભ્ય રાષ્ટ્રોએ મેદસ્વિતાની અટકાયત અને સંચાલન માટે નવી ભલામણો સ્વીકારી, મેદસ્વિતા રોકવા માટે ઉૐના એક્સિલરેશન પ્લાનને મંજૂરી આપી હતી. આ મંજૂરી પછી, એક્સિલરેશન પ્લાનને જરૂરી વાતાવરણ પુરું પાડી, નીતિઓને સુવ્યવસ્થિત કરવા તથા વિવિધ દેશોમાં અમલીકરણને ટેકો આપ્યો હતો. આ રીતે તેમણે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે જવાબદારી મજબૂત કરવાની પહેલ કરી છે તેમ યાદીમાં જણાવાયું છે.

ઋચા રાવલ

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004.
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

'વિકસિત ભારત'નું સ્વપ્ન ત્યારે જ સાકાર થશે, જ્યારે આપણી યુવા પેઢી યોગ્ય, કુશળ અને રાષ્ટ્રપ્રેમી બનશે

# અતીત અને આધુનિકતાના સમન્વયથી જ આપણે ભાવિ પેઢીનું ભવ્ય નિર્માણ કરી શકીશું : શ્રી આચાર્ય દેવવ્રતજી

**રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયું 'વિકસિત ભારત @૨૦૪૭ની દિશામાં શિક્ષક શિક્ષણનું રૂપાંતરણ' વિષયક રાષ્ટ્રીય સંમેલન**

રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ, નવી દિલ્હી અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે 'વિકસિત ભારત @૨૦૪૭ની દિશામાં શિક્ષક શિક્ષણનું રૂપાંતરણ' વિષયક રાષ્ટ્રીય સંમેલન યોજાયું છે. રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે આ રાષ્ટ્રીય સંમેલનનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે કહ્યું કે, અતીત અને આધુનિકતાના સમન્વયથી જ આપણે ભાવિ પેઢીનું ભવ્ય નિર્માણ કરી શકીશું.




શિક્ષકોના પ્રશિક્ષણમાં મહત્વની ભૂમિકા નિભાવી રહેલી રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદના પશ્ચિમ ક્ષેત્રના છ રાજ્યો; છત્તીસગઢ, ગોવા, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન તથા કેન્દ્ર શાસિત પ્રદેશ; દાદરા, નગર હવેલી, દમણ અને દીવથી પધારેલા શિક્ષણવિદ્, નીતિ નિર્ધારણમાં મહત્વની ભૂમિકા ભજવી રહેલા તજજ્ઞો અને ઉચ્ચ અધિકારીઓને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રમાં સૌ પથમ વખત શિક્ષણ ક્ષેત્રે આટલી ગંભીરતાપૂર્વક ચિંતન કરવામાં આવી રહ્યું છે.

નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ વખતે અનુભૂતિ થઈ છે કે, ભારતની યુવા પેઢીને આપણે અત્યાર સુધી શિક્ષણ નહીં માત્ર માહિતી જ આપી રહ્યા છીએ. આ દિશામાં હવે અત્યંત ગંભીરતાપૂર્વક ચિંતન શરૂ થયું છે તે ભારતનું સૌભાગ્ય છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સ્વયં પણ શિક્ષક-આચાર્ય છે. ૩૦ વર્ષો સુધી તેમણે બાળકો ભણાવ્યા છે. બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનમાં શિક્ષણવિદોને સંબોધતાં તેમણે કહ્યું કે, નવી શિક્ષણ નીતિ અને વિકસિત ભારત@૨૦૪૭; આ બંને મિશનનો મૂળ ઉદ્દેશ્ય એવા રાષ્ટ્રનું નિર્માણ કરવાનો છે જ્યાં સૌ સુખી અને આનંદિત હોય અને આપણે ભારતના નાગરિકો ગરીમાપૂર્ણ જીવન જીવીએ. સમજદાર એ છે જે જમાના સાથે પોતાની જાતને બદલે છે. આપણે વર્તમાન સમાજની આવશ્યકતા અનુસાર આપણી યુવા પેઢીને તૈયાર કરવાની છે.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, સમાજની રચનામાં શિક્ષકની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. જો શિક્ષક પોતાની જવાબદારી સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક નિભાવે, તો તે રાષ્ટ્ર નિર્માણમાં પણ મહત્વની ભૂમિકા ભજવી શકે. પરંતુ જો શિક્ષક પોતે જ જ્ઞાનના દીપકની જેમ પ્રકાશિત ન થાય, તો તે બીજાને પ્રકાશ કેવી રીતે આપશે?

તેમણે કહ્યું કે, જો એક શિક્ષક નશો કરે, ધૂમ્રપાન કરે, અથવા અસત્ય બોલે, તો તેના શિષ્યો તેની પાસેથી શું શીખશે? પ્રખ્યાત માનસશાસ્ત્રી સિગમંડ ફ્રોઈડનું કહેવું છે કે, બાળક ભાષણથી નહીં, પરંતુ અવલોકનથી શીખે છે. તે તેના ગુરુના આચરણ, પહેરવેશ, વાતચીત અને વ્યવહારથી પ્રભાવિત થાય છે. પરંતુ આપણે ઘણીવાર આ વિચારીને ભૂલ કરી બેસીએ છીએ કે બાળક કંઈ સમજી શકતું નથી. હકીકતમાં, બાળકનું મગજ એક કોરા કાગળની જેમ હોય છે, જેમાં જે લખાય, તે ઊંડાઈથી છપાઈ જાય છે. રાષ્ટ્રીય શિક્ષણ શિક્ષા પરિષદએ આવા શિક્ષકોના નિર્માણ માટે એક શક્તિશાળી અભિયાન ચલાવવું જોઈએ. એ સુનિશ્ચિત કરવું જોઈએ કે શિક્ષક શું શીખવે, કેવી રીતે શીખવે, શું બોલે, શું ખાય, શું વિચારે અને શાનું ચિંતન કરે. જ્યારે આ દિશામાં મજબૂત કાર્ય થશે, ત્યારે રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા આપમેળે શરૂ થઈ જશે.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, રાષ્ટ્રનું નિર્માણ આવનારી પેઢીની વિચારસરણી પરથી નક્કી થાય છે. જો બાળકોનું યોગ્ય રીતે ઘડતર થશે, તો કુટુંબનું નિર્માણ થશે, અને કુટુંબના નિર્માણથી સમાજનું નિર્માણ થશે. અંતે, સમાજના નિર્માણથી એક શક્તિશાળી રાષ્ટ્ર ઉદ્ભવશે, જે વિશ્વ કલ્યાણની દિશામાં આગળ વધશે. આજે આપણે આ મહાન વારસાને ફરીથી સ્થાપિત કરવાનો છે. આપણા સાંસ્કૃતિક મૂલ્યોને સાચવીને આધુનિક વિકાસ તરફ આગળ વધવાનું છે. આપણા પ્રધાનમંત્રીનું 'વિકસિત ભારત'નું સ્વપ્ન ત્યારે જ સાકાર થશે, જ્યારે આપણી યુવા પેઢી યોગ્ય, કુશળ અને રાષ્ટ્રપ્રેમી બનશે.

ગુજરાત વિદ્યાપીઠમાં મહાત્મા ગાંધીજીએ સૂત્ર આપ્યું છે કે, — 'સા વિદ્યા યા વિમુક્તયે', અર્થાત વિદ્યા એ જ સાચી છે, જે માનવને તમામ બંધનોથી મુક્ત કરે અને પરમ સુખ તરફ લઈ જાય. આ સંદર્ભ સાથે શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આપણે એવી શિક્ષણ પદ્ધતિ વિકસિત કરવી પડશે, જે આપણા રાષ્ટ્રને ફરીથી વિશ્વગુરૂના સ્થાને સ્થાપિત કરે. તેમણે શુભેચ્છાઓ સાથે પરિષદની સફળતાની કામના કરતાં કહ્યું કે, આ વિચાર-મંથન 'વિકસિત ભારત'ની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાશે.

શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ આ પ્રસંગે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ભારતીય મૂળ સંસ્કૃતિને શિક્ષણ પદ્ધતિથી જોડી રાખવાનું કાર્ય નવી શિક્ષણ નીતિ દ્વારા થવાનું છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી દ્વારા નવી શિક્ષા પદ્ધતિના અમલીકરણ થકી શિક્ષણ સાથે બાળકોને મૂલ્યનિષ્ઠા આપવાનું ભગીરથ કાર્ય કરાયું છે. રાજ્યની શિક્ષણ વ્યવસ્થામાં ગીતાનો અભ્યાસ દાખલ કરી શિક્ષણનો નવો અધ્યાય શરૂ કરાયો છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યુ હતું. તેમણે રાષ્ટ્રને શ્રેષ્ઠ નાગરિકો મળે તે માટે આજના સમયમાં ઈચ્છા અને તૃપ્તિનું અંતર શીખવીને ગુરુજનોને શિક્ષણ આપવાની હિમાયત કરી હતી. રાષ્ટ્રના બાળકની ગળગૂંથીમાં સદભાવના, પ્રેમ, કરુણાથી સુસંસ્કૃત બની તણાવ અને વ્યસનથી દૂર રહે તે દિશામાં શ્રેષ્ઠ શિક્ષા આપી ભારતનો અમૂલ્ય વારસો જાળવી રાખવા તેમણે અનુરોધ કર્યો હતો.

ઉપલેટા ITIના છાત્રનો આપઘાત

# ૧૯ વર્ષીય વિદ્યાર્થીએ બે શિક્ષકોના માનસિક ત્રાસથી કંટાળીને આપઘાત કરી લીધો

## વીડિયોમાં ધાર્મિકે જણાવ્યું હતું કે, આઈટીઆઈના બે શિક્ષકો તેને માનસિક ત્રાસ આપતા હતા અને તેના કારણે જ તે આપઘાત કરી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ જિલ્લાના ઉપલેટાના ડુમિયાણી આઈટીઆઈમાં અભ્યાસ કરતા ૧૯ વર્ષીય વિદ્યાર્થીએ બે શિક્ષકોના માનસિક ત્રાસથી કંટાળીને આપઘાત કરી લીધો હતો. આપઘાત પહેલાં વિદ્યાર્થીએ એક વીડિયો બનાવ્યો હતો, જેમાં તેણે શિક્ષકો પર માનસિક ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો હતો.

આ વીડિયો વિદ્યાર્થીના પિતાને તેના મોબાઈલમાંથી મળ્યો હતો, ત્યારબાદ તેમણે બંને શિક્ષકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.ફરિયાદી રાજેશભાઈ મનજીભાઈ ભાસ્કરે જણાવ્યું હતું કે, તેમનો પુત્ર ધાર્મિક ડુમિયાણી આઈટીઆઈમાં વાયરમેનનો કોર્સ કરતો હતો. છેલ્લા ૮ મહિનાથી તે આઈટીઆઈમાં અભ્યાસ કરતો હતો.

ગત ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ધાર્મિકે તેમના ઘરે ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો.ઘટનાના બે મહિના બાદ, પરિવારે ધાર્મિકના મોબાઈલની તપાસ કરતાં તેમને એક વીડિયો મળ્યો હતો. આ વીડિયોમાં ધાર્મિકે જણાવ્યું હતું કે, આઈટીઆઈના બે શિક્ષકો તેને માનસિક ત્રાસ આપતા હતા અને તેના કારણે જ તે આપઘાત કરી રહ્યો છે.વીડિયોમાં તેણે જણાવ્યું હતું કે "હું ભાસ્કર ધાર્મિક ઉપલેટા આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરૂ છુ. અને મારા મેડમ અને સર માનસિક ટોર્ચર કર્યા રાખે છે. હું જે પણ આ કરુ છુ એ મેડમ અને સરના લીધે જ કરુ છુ એને સજા મળવી જોઈએ".

મારા દીકરા ધાર્મિકે અમને અગાઉ જાણ કરી હતી કે અમારા મેડમ અને સર મને માનસિક ટોર્ચર કર્યા રાખે છે. જેથી અમે મારા દીકરાને સમજાવતા હતા કે આપણે અભ્યાસમાં ધ્યાન આપવાનું હોય જેથી આ અંગે અમે કોઈને ફરીયાદ કરી ન હતી. ધાર્મિકના મેડમ તથા સરનું માનસિક ટોર્ચર સહન ન થતા મારો દીકરો પોતાની જાતે અમારા ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. ધાર્મિકના પિતાએ ઉપલેટા પોલીસ સ્ટેશનમાં બંને શિક્ષકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# રાજકોટ ડિવિઝનમાં લેવાયેલા બ્લોકના કારણે વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ટ્રેન પ્રભાવિત થશે

રાજકોટ ડિવિઝનના વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં બ્લોક લઈને લીલાપુર રોડ-કેસરિયા રોડ સ્ટેશન વચ્ચે આવેલા બ્રિજ નંબર ૨૪ માટે હાલના સ્ટીલ ગર્ડરની જગ્યાએ PSC સ્લેબની જોગવાઈનું કામ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા કરવામાં આવશે. આ બ્લોકને કારણે પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝનની વેરાવળ-ગાંધીનગર કેપિટલ સુપરફાસ્ટ દૈનિક ટ્રેનને અસર થશે. અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ૨૮.૦૩.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.

૨. ૩૦.૦૩.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ પણ સંપૂર્ણપણે રદ રહેશે.

૩. ૨૯.૦૩.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ સુરેન્દ્રનગર જંક્શન સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન સુરેન્દ્રનગર જંક્શનથી વેરાવળ સુધી ટ્રેન નંબર ૧૯૧૧૯ તરીકે દોડશે. આમ આ ટ્રેનો સુરેન્દ્રનગર જં.-ગાંધીનગર કેપિટલ-સુરેન્દ્રનગર જં. વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૪. ૨૮.૦૩.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૬૬૧૪ કોયમ્બટુર-રાજકોટ એક્સપ્રેસ માર્ગ માં ૧.૦૦ કલાક રેગુલેટ કરવામાં આવશે.

૫. ૨૯.૦૩.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૬૩૩૭ ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૪૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

ઉપરોક્ત ઉલ્લેખિત ટ્રેનોના સમય, સ્ટોપેજ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry. indianrail. gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં બ્લોકને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થશે

રાજકોટ ડિવિઝનના વિરમગામ સુરેન્દ્રનગર સેક્શનમાં લીલાપુર રોડ-કેસરિયા રોડ સ્ટેશનો વચ્ચે સ્થિત બ્રિજ નંબર ૨૪ માટે હાલના સ્ટીલ ગર્ડરની જગ્યાએ ँજીઅ સ્લેબની જોગવાઈનું કામ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા કરવામાં આવશે. આ બ્લોકને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે. વિગતો નીચે મુજબ છેઃ-

રદ કરાયેલી ટ્રેનોઃ

૧) ૨૮.૦૩.૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ રદ રહેશે.

૨) ૩૦.૦૩.૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ રદ રહેશે.

આંશિક રીતે રદ થયેલી ટ્રેનોઃ

૧) ૨૯.૦૩.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ વેરાવળથી ઉપડશે અને સુરેન્દ્રનગર સુધી જશે અને સુરેન્દ્રનગરથી તેને ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ તરીકે ચલાવવામાં આવશે.

૨) ૨૯.૦૩.૨૦૨૫ ના રોજ, ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ અને ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ બંને ટ્રેનો સુરેન્દ્રનગર-ગાંધીનગર કેપિટલ-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

માર્ગમાં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનોઃ

૧) ૨૮.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૬૧૪ કોઈમ્બતુર-રાજકોટ એક્સપ્રેસ માર્ગમાં એક કલાક મોડી થશે.

૨) ૨૯.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૩૩૭ ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૪૦ મિનિટ મોડી થશે.

ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry. indianrail. gov.in ની મુલાકાત લઈ શકે છે.

ખેડૂતો પ્રત્યે સંવેદના દર્શાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રીશ્રીએ 'સ્વાગત' માં રજૂ થતાં ખેડૂતોના પ્રશ્નો અને લાંબાસમયથી બાકી પ્રશ્નોનું નિશ્ચિત સમયમર્યાદામાં નિરાકરણ માટે સ્પષ્ટ દિશા-નિર્દેશો આપ્યાં

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્નોલોજીના સુચારું ઉપયોગથી પ્રજાજનોની સમસ્યા-રજૂઆતોના નિવારણ 'સ્વાગત' ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત માર્ચ-૨૦૨૫ના રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહીને વિવિધ રજૂઆતો સાંભળી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સ્વાગતમાં ખેડૂતો દ્વારા કરવામાં આવતી અને લાંબા સમયથી બાકી પ્રશ્નોનું નિવારણ ત્વરિત અને નિશ્ચિત સમયમર્યાદામાં લાવી દેવાના સ્પષ્ટ દિશા નિર્દેશો સંબંધિત અધિકારીઓને આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, હવે લોકોમાં જાગૃતિ વધી છે અને વ્યક્તિગત સાથોસાથ જાહેરહિતને લગતા પ્રશ્નો પણ સ્વાગતમાં આવતા થયા છે.

તેમણે આ સંદર્ભમાં સંબંધિત તંત્રવાહકોને પણ આવા પ્રશ્નોના નિવારણ માટે પ્રો-એક્ટિવ અભિગમ અપનાવવા દિશાનિર્દેશો આપ્યાં હતા.

મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં દર મહિનાના ચોથા ગુરુવારે યોજાતા રાજ્ય સ્વાગત ઓનલાઇન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકો-અરજદારોએ પોતાની રજૂઆતો ગુરૂવારે સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ દરમિયાન રજૂ કરી હતી.






માર્ચ-૨૦૨૫ના ચોથા ગુરૂવારે યોજાયેલા આ રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત અરજદારોની રજૂઆતો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ધ્યાનપૂર્વક સાંભળીને તે સંદર્ભમાં સંબંધિત જિલ્લા તંત્ર કે વિભાગે તે રજૂઆતો અંગે કરેલી કાર્યવાહીની પણ જાણકારી મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કક્ષની વિડીયો વોલ મારફતે મેળવી હતી. આ રાજ્ય સ્વાગતમાં કુલ ૧૩૧ જેટલી રજૂઆતો મળી હતી તેનું સંબંધિત અધિકારીઓ દ્વારા નિરાકરણ કરવા માટે સંબંધિતોને સૂચનાઓ આપવામાં આવી હતી.

રાજ્યભરમાં જિલ્લા કક્ષાએ કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમો પણ નિયમિતપણે યોજાય છે, તેમાં માર્ચ-૨૦૨૫ના સ્વાગતમાં વિવિધ નાગરિકોની કુલ ૧૦૮૮ જેટલી રજૂઆતો રૂબરૂ સાંભળીને તેના નિરાકરણ માટે યોગ્ય સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત, ૨૬ માર્ચ, ૨૦૨૫ના રોજ રાજ્યભરમાં તાલુકા કક્ષાએ યોજાયેલા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ૧૭૨૪ જેટલી રજૂઆતો રૂબરૂ સાંભળીને તેના નિરાકરણ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી મનોજકુમાર દાસ, સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, ખાસ ફરજ પરના અધિકારી શ્રી ધીરજ પારેખ તેમજ સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો અને અધિકારીઓ પણ જોડાયા હતા.

# વડોદરામાં નારાયણ વિદ્યાલય શરુ કરવાની માગણી સાથે દેખાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના ડભોઈ-વાઘોડિયા રિંગ રોડ પર આવેલી નારાયણ વિદ્યાલયના વાલીઓ અને શિક્ષકોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને સ્કૂલ ચાલુ કરવા માંગણી કરી હતી. સાત મહિના પહેલા સ્કૂલની એક દિવાલનો ભાગ તૂટી પડવાથી આ શાળાને સીલ મારવામાં આવ્યું હતું. આશરે ૭૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓને નારાયણ ઈન્ટરનેશનલ નામની બીજી સ્કૂલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આમ છતાં વાલીઓ અને વિદ્યાર્થીઓ બંધ પડેલી શાળા પુનઃ ચાલુ કરવા લડી રહ્યા છે. કલેકટર અને આવેદનપત્ર આપ્યા બાદ દેખાવ કરનારાઓએ જણાવ્યું હતું કે અગાઉ પણ રજૂઆત કરવામાં આવી હોવા છતાં કેમ શરૂ કરવામાં આવતી નથી, શાળાનું સીલ કેમ ખોલવામાં આવતું નથી, શાળાનો સ્ટ્રકચર સ્ટેબિલિટી રિપોર્ટ પણ જાહેર કરવામાં આવતો નથી તે સવાલ અમે ઉઠાવ્યા છે. આ મુદ્દે કલેકટર તરફથી વાલીઓ અને શિક્ષકોને સીલ નહીં ખોલવું અને રિપોર્ટ કેમ જાહેર થયો નથી તેની તપાસ કરી જિલ્લા શિક્ષણ અધિકારી સાથે મીટીંગ કરાવવા ખાતરી આપી હોવાનું તેઓએ જણાવ્યું હતું.

સ્ટેમ્પ ડયુટી સુધારા બીલ ગુજરાત વિધાનસભામાં રજુ થયું : દંડની રકમ ૨૦૦ રૂપીયાથી વધારી ૧ લાખ કરાઈ

# સ્ટેમ્પ અધિકારીને જેલની સજા સંભળાવવાની સત્તાઃ એક બાજુ જનતાને ખુશ કરી બીજી બાજુ ભુલ માટે દંડનો મારોઃ ભાડા કરારથી અપાતી મિલ્કતના ખર્ચમાં વધારો થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં ધ ગુજરાત સ્ટેમ્પ એમેન્ડમેન્ટ બીલ ૨૦૨૫ રજુ કરવામાં આવ્યુ હતુ જે અનુસાર ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ ૬૨-ક (૩ ) સાથે કલમ ૯ -એ ની જોગવાઈ નુ પાલન ન કરનાર અથવા સ્ટેમ્પ ડયુટી વસુલીને સરકારમાં જમા કરાવવામાં નિષ્ફળ જનાર કે સ્ટેમ્પ ડયુટી સંદર્ભે ખોટી માહિતી આપનારની દંડની રકમમાં અકલ્પનીય વધારો કરવામાં આવ્યો છે. જેમાં દંડની રકમ હાલના ૨૦૦ થી વધારીને ૧ લાખ કરવામાં આવી છે.

આ રીતે કરવામાં આવતો દંડ ઓછામાં ઓછો ૧૦ હજાર રૂપીયા તો કરવો જ પડશે તેવી જોગવાઈ નવા સુચિત સુધારા ખરડામાં દાખલ કરવામાં આવી છે. કલમ ૬૨(ક) ની ૧,૨,૩ માં કરવામાં આવેલી નવી જોગવાઈ પ્રમાણે કેટલાક કિસ્સાઓમાં આ દંડની રકમ ૨૦૦ થી વધારીને ૫૦ હજાર રૂપીયા પણ કરી દેવામાં આવી છે તેમજ ઓછામાં ઓછી પેનલ્ટી ૧૦ હજાર કરી દેવાની ખરડામાં જોગવાઈ કરવામાં આવી છે. દંડની જંગી રકમ રાખીને તે રકમમાં ઘટાડો કરવાની કલેકટરને સલાહ આપવામાં આવી છે. કલમ-૬૨(ક) નો ભંગ કરવાના પહેલા ગુન્હા માટે ૫૦૦ રૂપીયાનો દંડ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જે તે વ્યકિત ગુન્હેગાર ઠરે ત્યારે તેને ૫ હજાર રૂપીયાનો દંડ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવેલી છે. કલમ-૬૨ (ક) ની જોગવાઈનો બીજીવાર ભંગ કરવા બદલ ૧ હજાર રૂપીયાનો દંડ કરવાની જોગવાઈ લાવવામાં આવી રહી છે. ત્રીજી વાર અને ત્યારબાદ આ ગુન્હો કરે તો ૨ હજાર રૂપીયાનો દંડ અને બે વર્ષની જેલની સજા કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આઘાતજનક બાબત તો એ છે કે જેલની સજા કરવાની સત્તા કોર્ટને છે. પરંતુ આ ખરડા મારફતે આ સત્તા સ્ટેમ્પ અધિકારીને આપી દેવામાં આવી હોવાનુ જણાય છે. કલમ ૩૪ હેઠળ કરવા પાત્ર દંડ અત્યારની તુલનાએ ૧૦ ગણો વધારી દેવામાં આવ્યો છે.




મૃત્યુ પામેલાની મિલ્કતના વારસદાર પુત્ર કે પુત્રીને માત્ર ૨૦૦ રૂપીયાના સ્ટેમ્પ લખી આપીને અન્ય ડયુટી ભર્યા વિના મિલ્કત ટ્રાન્સફર કરી આપવાની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે જો કે એકબાજુ આ જોગવાઈથી ભાજપ સરકારે જનતા ને ખુશ કરી દીધી તો બીજી તરફ થનારી દરેક ચુક માટે જંગી રકમનો દંડ કરવાની જોગવાઈ દાખલ કરી છે. આ જ રીતે આર્ટીકલ ૩૬ માં સુધારો સુચવીને તારણમાં આપેલી એટલે કે ગીરોખત કરી આપેલી મિલ્કત માટે ૫૦૦ થી ૧ હજાર રૂપીયાનો દંડ કરવાની જોગવાઈમાં વધારો કરીને ૫ હજાર રૂપીયાનો દંડ કરવાની જોગવાઈ દાખલ કરી દીધી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૯૯ પહેલા સ્ટેમ્પ ડયુટી લેવાતી ન હતા હવે તે મિલ્કતો વેચવા જાય ત્યારે ડયુટી વસુલ કરવા માટે ડયુટીની રકમ નકકી કરવામાં આવે છે. પહેલા આ ખુટતી સ્ટેમ્પ ડયુટીની રકમ ઉપરાંત ૨૫૦ રૂપીયા જમા કરાવીને દસ્તાવેજ કલીયર કરાવી શકાતો હતો. હવે નવા સુધારા ખરડા મારફતે દાખલ કરવામાં આવેલી જોગવાઈ મુજબ મિલ્કત માલીકે ખુટતી સ્ટેમ્પ ડયુટીની બમણી રકમ સ્ટેમ્પ ડયુટી તરીકે જમા કરાવવી પડશે. બીજા શબ્દોમાં કહીએ તો તેણે ૫૦ હજાર ની સ્ટેમ્પ ડયુટી ભરવાની આવતી હોય તો તેની સામે ૧ લાખ રૂપીયા સ્ટેમ્પ ડયુટી તરીકે જમા કરાવવા પડશે.

આ પ્રકારના કિસ્સાઓમાં ૨૦ કે ૨૫ વરસની ખુટતી સ્ટેમ્પ ડયુટી ગણતરીમાં લેવામાં આવે તો તેના પર દર વરસે ૩ ટકાના દરે દંડ ઉમેરવાની જોગવાઈ પણ દાખલ કરવામાં આવી છે. જો કે કોઈપણ કિસ્સામાં ખુટતી સ્ટેમ્પ ડયુટીના ૬ ગણા થી વધુ રકમને દંડ કરી શકાશે નહી. ભાડા પર રહેઠાણની અને કોમર્શીયલ પ્રોપર્ટી આપનારાઓ પરનો બોજો પણ વધારવામાં આવ્યો છે. ૧૧ મહિના ૩૯ દિવસના ભાડા કરાર રહેઠાણ માટે હોય તો તેને ૫૦૦ રૂપીયાનો સ્ટેમ્પ અને કોર્મશીયલ માટે ૧ હજાર રૂપીયાનો સ્ટેમ્પ વાપરવાની જોગવાઈ છે. આ કરારની વિગતો ૫ કે ૧૫ વરસથી નહી દર્શાવવામાં આવી હોય તો તેને માટે ૧૦ હજાર રૂપીયાનો સ્ટેમ્પ વાપરવો પડશે અને તે ઉપરાંતના વર્ષ માટે ૨ ટકાના દરે દંડ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી છે. સરકારે ડયુટી માફી આપી હોય કે પછી તેવા વખતે ખુટતી ડયુટીની રકમ પર નહી, પરંતુ ડયુટીની સંપૂર્ણ રકમ પર દંડ કરવાની જોગવાઈ નવા બીલના માધ્યમથી લાવવામાં આવી છે. નોધનીય છે કે કલેકટર સમક્ષ તેને માટે અસલ દસ્તાવેજ રજુ કરવામાં આવ્યો હોય તે તારીખ અને કલેકટરે તેના પર હુકમ કર્યો હોય તે તારીખ વચ્ચેના સમયગાળાને દંડ માટેના સમયગાળા તરીકે ગણતરીમાં લેવામાં નહી આવે. આ ગાળા માટે કોઈ જ દંડ કરવામાં આવશે નહી.

સામૂહિક આપઘાતનો કિસ્સો સામે આવ્યો

# વલસાડમાં પતિ-પત્નિએ બાળક સહિત ટૂંકાવ્યું જીવન

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

વલસાડ ના ઉમરગામ માં સામૂહિક આપઘાતનો કિસ્સો સામે આવતાં ચકચાર મચી ગઈ છે. સોળસુંબા ગામમાં પતિ-પત્ની અને બાળકે આપઘાત કરતા સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પરિવાર ભાડાના ફ્લેટમાં રહેતો હતો. જ્યાં પતિ-પત્નીએ તેમના બે વર્ષના બાળકની હત્યા કર્યા બાદ આત્મહત્યા કરી લીધી. જ્યારે આસપાસના લોકોને આ ઘટનાની જાણ થઈ, ત્યારે પડોશીઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી. ઘટનાની માહિતી મળતા જ ડીએસપી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પરિવારે આત્મહત્યા શા માટે અને કેવી રીતે કરી તે હજુ સુધી જાણી શકાયું નથી.ઉમરગામ પોલીસે ત્રણેયના મૃતદેહનો કબ્જો મેળવી લીધો છે અને CCTV ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ પત્ની અને બાળકને ઝેરી પ્રવાહી આપવામાં આવ્યું હતું બાદમાં પતિએ ફાંસી લગાવી આપઘાત કર્યો હતો. જોકે, પોસ્ટોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું સાચું કારણ બહાર આવશે.અગાઉ પાલનપુર પાટિયા વિસ્તારમાં આવેલા સિદ્ધેશ્વર એપાર્ટમેન્ટની C વીંગમાં રહેતા સોલંકી પરિવારના સાત સભ્યોએ સામૂહિક આપઘાત કર્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ અધિકારીઓ ઘટના સ્થળ પર પહોંચ્યા હતા અને ઘટના સ્થળની તપાસ દરમિયાન પોલીસને નોંધ પણ મળી આવી હતી. જેમાં પરિવારના સભ્યોના સામૂહિક આઘાતનું કારણ આર્થિક સંકડામણ હોવાનું સામે આવ્યું હતું. સોલંકી પરિવારમાં રહેતા મનીષ સોલંકી, તેમના પત્ની રીટા સોલંકી, દીકરી કાવ્યા સોલંકી, બીજી દીકરી દીક્ષા સોલંકી, દીકરો કુશલ સોલંકી, પિતા કનુભાઈ સોલંકી અને માતા શોભનાબેન સોલંકી આપઘાત કર્યો હોવાનું સામે આવી રહ્યું છે. મહત્વની વાત છે કે મનીષ ઉર્ફે શાંતિલાલ સોલંકી ફર્નિચરના વ્યવસાય સાથે સંકળાયેલા છે. સોલંકી પરિવારના આપઘાતની ઘટનાને લઈને પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી હતી. પંચમહાલના મોરવા હડફમાં સામૂહિક આત્મહત્યાની ઘટના બની હતી. જેમાં પિતાએ તેમના બે પુત્રો સાથે કુવામાં ઝંપલાવ્યું હતું. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે સ્થાનિકોની મદદથી કુવામાંથી બે મૃતદેહ બહાર કાઢ્યા હતા. આ બનાવની વિગત મુજબ મોરવા હડફમાં ખાબડા ગામમાં પિતાએ બે પુત્રો સાથે કુવામાં ઝંપલાવીને આપઘાત કર્યો હતો. પ્રાથમિક તપાસમાં ઘરકંકાસને કારણે પિતાએ પુત્રો સાથે આ અંતિમ પગલું ભર્યું હતું.

# અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ બાદ ૩૮ ટકા દર્દીઓએ જીવન ગુમાવ્યું : વિધાનસભામાં સરકારનો ખુલાસો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદની સીવીલ મેડીસીટી ખાતે આવેલી ઈન્સ્ટિટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર (આઈકેડીઆરસી) ખાતે બે વરસમાં કીડનીના ૮૪૮ લીવરના ૧૪૦ ટ્રાન્સપ્લાન્ટ થયા છે. આ ટ્રાન્સપ્લાન્ટ બાદ કીડનીના ૨૮, લીવર ના ૫૪ દર્દીઓના હોસ્પીટલમાં જ મૃત્યુ થયાનુ સરકારે સ્વીકાર્યુ છે. આમ બે વરસમાં સીવીલમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાવનારા ૩૮ ટકા દર્દીના મૃત્યુ થયા છે. આરોગ્ય મંત્રાલય દ્વારા ગઈ કાલે બુધવારે વિધાનસભામાં માહિતી આપવામાં આવી હતી કે ગુજરાતમાં વર્ષ ૨૦૨૩ માં ૧૯૬, ૨૦૨૪ માં ૨૦૫ એમ કુલ ૪૦૧ લીવર ટ્રાન્સપ્લાન્ટ થયા છે. આ પૈકી ૨૦૨૩ માં ૭૧, ૨૦૨૪ માં ૬૬ એમ કુલ ૧૩૭ લીવર ટ્રાન્સપ્લાન્ટ થયા હતા. આ ઉપરાંત ૩ દર્દીના લાઈવ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. લીવર ટ્રાન્સપ્લાન્ટ બાદ બે વરસમાં ૫૪ દર્દીઓએ હોસ્પીટલમાં જ જીવ ગુમાવ્યો છે આ અંગે આરોગ્ય વિભાગે કહ્યુ હતુ કે ટ્રાન્સપ્લાન્ટ બાદ થયેલ દર્દીઓના મૃત્યુ સંદર્ભે કીડની ઈન્સ્ટિટયુટ દ્વારા આંતરીક કમિટી બનાવી મૃત્યુના રીવ્યુ કર્યા છે. જેમાં ટ્રાન્સપ્લાન્ટ બાદ દર્દીને ન્યુમોનીયા, શરીરમાં ચેપ ફેલાઈ જવો, મળેલા અંગ યોગ્ય રીતે કામ ન કરવા, ઈન્ફેકશન ફ્રોમ લીવર ડોનર, સ્ટોન ઈન ગોલ બ્લેડર, ટીબી થવી, કેન્સર એટેક , પોર્ટલવેઈન થ્રોમ્બોસીસ, એકયુટ રેસ્પિરેટરી ડીસ્ટ્રેસ સિન્ડ્રોમ, લોહીના પરીભ્રમણમાં ખામી, કાર્ડીયાક એરેસ્ટ, નાજુક તબીબી સ્થિતિ, માલન્યુટ્રીશન, સ્નાયુઓની તકલીફ, રીકરન્ટ એકયુટ કીડની ઈન્જરી જેવા મહત્વના કારણો જવાબદાર હોવાનુ તારણ બહાર આવ્યુ છે. કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ કીડની હોસ્પીટલમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ ના આધારે મૃત્યુ અંગે કેગ ના ઓડીટ રીપોર્ટને લઈ વિરોધ કરતા પારદર્શીતા ન હોવાનો આક્ષેપ કર્યો હતો. આ મુદ્દે આરોગ્ય મંત્રીએ જવાબ આપ્યો હતો કે કેગ દ્વારા હાફ ઓડીટ પેરા આપવામાં આવ્યા છે. જેમાં સરકાર દ્વારા તમામ પેરાના જવાબ આપવાની પ્રક્રિયા ચાલી રહી છે.




ગુજરાતમાં રીટ્રાઈવલ કરતી કુલ ૧૨૨ હોસ્પીટલો છે. જે પૈકી ૧૫ સરકારી હોસ્પીટલો છે આ ઉપરાંત રાજયમાં રીટ્રાઈવલ અને ટ્રાન્સપ્લાન્ટ બંને કરતી કુલ ૩૩ જેટલી હોસ્પીટલ છે આ ઉપરાંત લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે ૧૧ હોસ્પીટલ છે. આરોગ્ય વિભાગના દાવા પ્રમાણે ગુજરાતમાં બ્રેઈનડેડ કે લાઈવ અંગ દાતા તરફથી મળતા અંગોના ટ્રાન્સપ્લાન્ટ માટેની પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શી છે. અંગ દાનમાં મળતા અંગોના ટ્રાન્સપ્લાન્ટ માં લાગવગ ચલાવવાની નીતી ને અવકાશ નથી. કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાવનારાનુ પ્રમાણ પણ ચિંતાજનક વધી રહ્યુ છે. સીવીલમાં બે વરસમાં ૮૪૮ કીડની ટ્રાન્સપ્લાન્ટ થયા છે. દર મહિને સરેરાશ ૩૫ દર્દીના કીડની ટ્રાન્સપ્લાન્ટ થાય છે.

# ભાજપના રાજમાં ભેળસેળીયા બેફામ ૧૧૭ પકડાયા પણ સજા એક પણને નહી : શું અધિકારીઓ ભેળસેળીયા તત્વો સાથે તોડ તો નથી કરી રહ્યા ને ?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં જાણે ભેળસેળીયાઓને મોકળુ મેદાન મળી રહ્યુ છે જેના કારણે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની કામગીરી શંકાના ઘેરા માં આવી છે. વિધાનસભા ગૃહ માં ભાજપના ધારાસભ્ય કિશોર કાનાણીએ આ વાતને લઈને ભાજપ સરકારની આકરી ટીકા કરી હતી ત્યારે વિધાનસભામાં સરકારે જ કબુલાત કરી છે કે છેલ્લા બે વરસમાં નકલી ઘી વેચતા ૧૧૭ ભેળસેળીયા પકડાયા હતા પરંતુ કોઈને સજા થઈ નથી. આ જોતા ભેળસેળીયા તત્વોના રૂપીયે સરકારી અધિકારીઓ વેચાયા તો નથી ને ? કે પછી ભેળસેળીયા તત્વો જોડે સરકારી બાબુઓ સજા ન કરવા માટે મોટો તોડ તો નથી કરી રહ્યા ને તેવા અનેક સવાલો આમ પ્રજામાં ઉઠી રહ્યા છે.



વિધાનસભા ગૃહ માં ભાજપના ધારાસભ્ય કિશોર કાનાણીએ જ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની કામગીરીને લઈને ઉભરો ઠાલવ્યો હતો કે આજે શુ ખાવુ અને શુ ન ખાવુ એ વાતને લઈને ગુજરાતની જનતા મુંઝવણ અનુભવી રહી છે. ખાદ્ય પદાર્થોમાં ખુલ્લેઆમ ભેળસેળ થઈ રહી છે.

આ અગાઉ ભાજપના પૂર્વ ધારાસભ્ય નારણભાઈ પટેલે પણ આ મુદ્દો ઉઠાવી આક્ષેપ કર્યો હતો કે માત્ર દરોડાના નાટક કરવામાં આવે છે. પરંતુ ભેળસેળીયાઓ સામે કોઈ કડક કાર્યવાહી થતી નથી. છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં નકલી ઘી પકડાઈ રહ્યુ છે. વિધાનસભામાં સરકારે જ ખુલાસો કર્યો કે વર્ષ ૨૦૨૩-૨૪ અને વર્ષ ૨૦૨૪-૨૫ માં અમદાવાદ માં થી કુલ મળીને ૮૦૦૮ કિલો નકલી ઘી નો જથ્થો પકડાયો હતો. આ ઉપરાંત પાટનગર ગાંધીનગરમાંથી પણ ૯૭૭ કિલો નકલી ઘી પકડાયુ હતુ આ નકલી વેચનારા માત્ર ૬ જણાને ૩.૬૦ લાખ રૂપીયાનો દંડ કરી અધિકારીઓએ સંતોષ માની લીધો હતો. નકલી ઘી વેચતા પ્રત્યેક ભેળસેળીયાને ૬૦ હજાર રૂપીયાનો દંડ કરી સરકારે જાણે મોટો વાઘ માર્યો હોય તેવી કામગીરીનો દેખાડો કર્યો હતો. અમદાવાદ- ગાંધીનગર માં જ નકલી ઘી વેચનારા ૧૧૭ ભેળસેળીયા પકડાયા હતા. તે પૈકી એકપણ ને સજા થઈ ન હતી.

# અરવલ્લીમાં ડીડીઓ અને સદસ્યોના ખટરાગ બાદ વધુ એક વડોદરામાં મેયર- કમિશ્નર આમને સામને

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લા પંચાયતમાં છેલ્લા બે દિવસથી સત્તાધારી જિલ્લા પંચાયતમાં ડીડીઓ અને સદસ્યો વચ્ચે ખટરાગ ઉભો થવા પામ્યો છે. સદસ્યો દ્વારા ડીડીઓના કાર્યક્રમોનો બહિષ્કાર કરવામાં આવ્યા બાદ વધુ એક વડોદરા શહેરના મેયર અને મ્યુનિસીપલ કમિશ્નર આમને સામને આવી ગયા છે. વડોદરાના મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તથા પાલીકાના મ્યુનિસીપલ કમિશ્નર વચ્ચે મોટી તીરાડ પડી હોય તેવુ લાગી રહ્યુ છે. ગઈ કાલે મેયર ઓફીસ દ્વારા મંગલપાંડે બ્રીજ નીચે ચાલતી વિશ્વામીત્રી નદીની કામગીરીનું નિરીક્ષણ કરવા માટેનુ આયોજન રાખવામાં આવ્યુ હતું આ અંગે અધિકારીઓને પણ જાણ કરી દેવામાં આવી હતી જો કે આ મામલે મેયર પહોચે તે અગાઉ જ કમિશ્નર દિલીપ રાણા અને ચેરમેન ડો.શિતલ મિસ્ત્રી ત્યાંથી મુલાકાત લઈને જતા રહ્યા હતા.



આ ઘટના બાદ મેયર ખુલીને મીડીયા સમક્ષ આવ્યા હતા અને તેમની જોડે કમિશ્નર દ્વારા ઓરમાયુ વર્તન કરવામાં આવતુ હોવાનુ મેયરે જણાવ્યુ હતું. મેયર પિન્કી સોનીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે વડોદરાના વિકાસને લઈને ચુંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ એકબીજા સાથે તાલમેલ રાખીને કામ કરતા આવ્યા છે. પરંતુ ગઈ કાલે જે ઘટના થઈ તે યોગ્ય ન હતી , મેયર ઓફીસ દ્વારા ચેરમેન મ્યુનિસીપલ કમિશ્નર સહિત તમામને સવારે ૧૧:૩૦ કલાકે મંગલપાંડે બ્રીજ નીચે વિશ્વામીત્રી નદીના પટમાં ચાલતી કામગીરીનું નિરીક્ષણ કરવા માટે જવા જણાવ્યુ હતું મારા જતા અગાઉ મ્યુનીસીપલ કમિશ્નર અને ચેરમેન ત્યાં પહોચ્યા હતા અને મારા આવતા પહેલા ત્યાંથી જતા રહ્યા હતા. તેમણે મારી જોડે આવુ વર્તન કેમ કર્યુ તે મને સમજાતુ નથી.

આ પહેલી વખત નથી મારી જોડે અગાઉ મંગલપાંડે બ્રીજ નીચે કામગીરીનું ખાતમુર્હુત કરવાનુ હતુ તે સમયે પણ આવુ જ થયુ હતું મને છેલ્લી ઘડીએ જાણ કરવામાં આવી હતી. તે પહેલા વડસર બ્રીજના લોકાર્પણ પ્રસંગે પણ મને ખુબ ટુંકા ગાળામાં જાણ કરવામાં આવી હતી. તાજેતરમાં કમિશ્નર ને મે કામગીરી અંગે જાણવા માહિતી માંગી તો તેમણે મને જવાબ આપ્યો કે પાલીકાના એન્જીનીયર ધાર્મિક દવે દ્વારા તમને વોટસએપ પર અપડેટ મોકલી દેવામાં આવી છે. ગઈ કાલે તેઓ સ્થળપર મારા પહેલા આવીને જતા રહ્યા હતા આજે પણ તેઓ ભીમનાથ બ્રીજ નીચે કામગીરીનું નિરીક્ષણ કરવા જવાના હતા ત્યાં પણ તેમણે આવુ જ કર્યુ હતું. આ બધુ કેમ થઈ રહ્યુ છે તે હુ નથી જાણતી, કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા કોર્પોરેટરને વહેલા આવવા માટે ફોન કરવામાં આવ્યા હતા તેમની પાસેથી મે નંબર મેળવ્યો છે. તેમને આજે સાંજે મળવાનુ થશે તેમની પાસેથી જાણીશુ કે કોણે આ પ્રકારે ફોન કરવા કહ્યુ હતું. મારી અવગણના કરવામાં આવી રહી છે. કદાચ તેવુ હોઈ શકે કે તેઓ મ્યુનિસીપલ કમિશ્નર આઈએએસ અધિકારી છે અને હું કોમર્સ ગ્રેજયુએટ હોવુ જેથી તેમને વાત કરવામાં સુગમતા ન રહે.

# ગુજરાતમાં ભ્રષ્ટાચારની રેસમાં સૌથી આગળ શહેરી વિકાસ અને મહેસુલ વિભાગ: તકેદારી આયોગે રીપોર્ટ સોપ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભા ગૃહ માં રજુ થયેલા વર્ષ ૨૦૨૩ ના તકેદારી આયોગના રીપોર્ટમાં એક ચોકાવનારો ખુલાસો થયો છે. રીપોર્ટ અનુસાર ભ્રષ્ટાચાર અને ગેરરીતીના મામલામાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ નંબર ૧ પર છે. આ વિભાગ સામે સૌથી વધુ ફરીયાદો નોધાઈ છે. જે સરકારી તંત્રમાં ભ્રષ્ટાચારની સ્થિતિનો ચિતાર રજુ કરે છે. તકેદારી આયોગના રીપોર્ટમાં જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૩ માં સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સામે કુલ ૧૧૧૯૬ ફરીયાદો મળી હતી આ ફરીયાદો વિવિધ સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતી આચરવામાં આવી હોવાની સુચક છે. આ તમામ ફરીયાદોની તપાસ તકેદારી આયોગ દ્વારા કરવામાં આવી રહી છે.

રીપોર્ટમાં વિગતવાર ફરીયાદોની સંખ્યા પણ દર્શાવવામાં આવી છે જે મુજબ સૌથી વધુ ફરીયાદો શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સામે નોધાઈ છે. આ વિભાગમાં કુલ ૨૧૭૦ ફરીયાદો તકેદારી આયોગને મળી છે. જે દર્શાવે છે કે આ વિભાગમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતીનુ પ્રમાણ અન્ય વિભાગોની સરખામણીએ સૌથી વધુ છે. શહેરી વિકાસ વિભાગ બાદ બીજા ક્રમે મહેસુલ વિભાગ આવે છે. મહેસુલ વિભાગ સામે તકેદારી આયોગને ૧૮૪૯ ફરીયાદો મળી છે જયારે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ત્રીજા ક્રમે છે. જેની સામે ૧૪૧૮ ફરીયાદો નોધાઈ છે. આ ત્રણેય વિભાગોમાં પણ ભ્રષ્ટાચાર અને ગેરરીતીની ફરીયાદોનુ પ્રમાણ ચિંતાજનક છે. આ ઉપરાંત તકેદારી આયોગને ગૃહ વિભાગની ૧૨૪૧ ફરીયાદો મળી છે. જે ચોથા ક્રમે છે શિક્ષણ વિભાગની ૫૯૬ ફરીયાદો અને માર્ગ મકાન વિભાગની ૪૮૬ ફરીયાદો પણ નોંધાઈ છે. ઉદ્યોગ અને ખાણ વિભાગ સામે ૩૭૮ ફરીયાદો, સામાન્ય વહિવટ વિભાગ સામે ૩૬૦ ફરીયાદો મળી છે. નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની ૩૮૫ ફરીયાદો, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાપન બોર્ડની ૧૦૧ ફરીયાદો, પશ્ચિમ ગુજરાત વીજ કંપની સામે ૯૭ ફરીયાદો અને સરદાર સરોવર નર્મદા નિગમની પર ફરીયાદો તકેદારી આયોગને વર્ષ ૨૦૨૩ દરમિયાન મળી હતી.

તકેદારી આયોગનો આ રીપોર્ટ રાજયના સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતીની વાસ્તવિક સ્થિતિને ઉજાગર કરે છે. સૌથી વધુ ફરીયાદો શહેરી વિકાસ વિભાગ સામે નોધાતા આ વિભાગમાં તપાસ અને દેખરેખ વધારવાની જરૂરીયાત ઉભી થઈ છે. વિધાનસભામાં આ રીપોર્ટ રજુ થયા બાદ હવે સરકાર આ દિશામાં શુ પગલા લે છે તે હવે જોવુ રહ્યું.

# દહેગામમાં ફરજ પરના મોકુફ નાયબ મામલતદાર લાંચ લેતા ઝડપાયા : અગાઉ પણ લાંચ લેતા ઝડપાયાના વિવાદમાં હતા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર જિલ્લાના દહેગામમાં ફરજ મોકુફ નાયબ મામલતદાર રૂપીયા ૧૮ હજાર ની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઈ ગયા છે. આ જ નાયબ મામલતદાર અગાઉ પણ લાંચ લેતા ઝડપાતા તેમને ફરજ પર મોકુફ રખાયા હતા. ત્યારે આજે ફરી લાંચ લેતા ઝડપાઈ જતા દહેગામ મામલતદાર કચેરીના અધિકારીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. ગઈ તા. ૨૫/૪/૨૦૨૨ ના રોજ કલોલ મામલતદાર કચેરી ખાતે પ્રવિણભાઈ મુળજીભાઈ પરમાર નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે મયંક પટેલ મામલતદાર કલોલ સાથે રૂપીયા ૨ લાખ ૬૦ હજાર ની લાંચ લેતા પકડાયેલ ત્યારથી ફરજ મોકુફી ઉપર દહેગામ મામલતદાર કચેરી ખાતે મુકવામાં આવ્યા છે. આ કામના ફરીયાદીની વેચાણ થયેલ ખેતીની જમીનમાં વેચાણ નોધો રદ કરવા ગાંધીનગર પ્રાંત અધિકારીની કોર્ટ તથા ગાંધીનગરના કલેકટરની કોર્ટમાં આરટીએસ અપીલ દાખલ કરેલ જે અપીલના કાગળો ખોવાઈ ગયેલ હોઈ , જે મેળવવા ફરીયાદીએ ઉપરોકત બંને જગ્યાએ અરજી કરેલ અને તે દરમિયાન તેઓનો સંપર્ક આ કામના બંને આરોપીઓ સાથે થતા બંને આરોપીઓએ નોધો રદ કરી આપવાના અને અપીલના કાગળો મેળવી આપવાના અવેજ પેટે રૂપીયા ૧૮ હજાર ની લાંચની માંગણી કરેલ હોય, જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય, એસીબીનો સંપર્ક કરતા લાંચના છટકા દરમિયાન આરોપી નં. ૨ એ ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારી અને આરોપી નં. ૧ ને આપતા બંને આરોપીઓ રંગે હાથ ઝડપાઈ જઈ એક બીજાના મેળાપીપણામાં ગુન્હો કરેલ છે. આરોપીઓમાં નં. ૧ પ્રવિણભાઈ મુળજીભાઈ પરમાર ઉ.વ.૫૪ નોકરી નાયબ મામલતદાર વર્ગ-૩ (હાલ ફરજ મોકુફ) મામલતદાર કચેરી દહેગામ તા.દહેગામ જી.ગાંધીનગર આરોપી નં. ૨ નિતેષકુમાર જેઠાલાલ રાજન ધંધો ટાઈપીંગ (ખાનગી વ્યકિત) આ બનાવ ગાંધીનગર સીવીલ હોસ્પીટલના ગેટ પાસે રોડ ઉપર એમએસ બિલ્ડીંગના પાછળના ભાગે બનાવ બનવા પામ્યો હતો. આ ટ્રેપીંગમાં અધિકારી બી એ ચૌધરી, પીઆઈ ગાંધીનગર એસીબી પોલીસ સ્ટેશન , સુપરવીઝન અધિકારી એ કે પરમાર, મદદનીશ નિયામક ગાંધીનગર એસીબી એકમ.



# ઉનાળાના પ્રારંભે જ રાજયના ૬૩ ટકા જળાશયોમાં ૩૦ ટકાથી પણ ઓછુ પાણીનો પુરવઠો : સૌથી વધુ ઉત્તર ગુજરાતની કફોડી સ્થિતિ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગત વરસે સારો વરસાદ થયો હોવા છતાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણીની અછત જોવા મળી રહી છે. ગુજરાતના ૬૩ જળાશયોમાં જળસ્તર ૩૦ ટકાથી પણ ઓછુ નોધાયુ છે. જેમાં ૨૦ ટકા જળાશયોમાં જળસ્તર ૧૦ ટકાથી પણ ઓછુ છે. જળસ્તર નો આ આંકડો મધ્ય ઉનાળામાં જ ગુજરાતના અનેક ગામડાઓમાં પાણીની અછત ઉભી કરે તેવી ભીતી સર્જાઈ છે. સૌથી વધુ ઉત્તર ગુજરાતમાં પાણીનુ જળસ્તર ઓછુ છે.



ગુજરાતના ૨૦૬ જળાશયોમાં હાલ સરેરાશ ૬૧.૧૬ ટકા જળસ્તર છે. જેમાં ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછુ ૩૬ ટકા, જયારે દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૬૬ ટકા જળસ્તર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ગત વરસે ૨૫ માર્ચના રોજ ૫૫.૮૧ ટકા જયારે સરદાર સરોવરમાં ૫૮.૭૯ ટકા જળસ્તર નોધાયુ હતું. આમ ગયા વર્ષની સરખામણીએ આ વખતે જળસ્તરની સ્થિતિ ખુબ જ સારી છે. ગુજરાતમાં હાલ ૨૫ માર્ચની સ્થિતિએ કચ્છના કાલીયા, દેવભુમિ દ્વારકાના સૌની અને જુનાગઢના પ્રેમપરા એમ ૩ જળાશય સંપૂર્ણ ખાલીખામ થઈ ગયા છે. ૬ જળાશયોમાં ૯૦ ટકા થી વધુ, ૧૧ જળાશયોમાં ૮૦ થી ૯૦ ટકા, ૮ જળાશયોમાં ૭૦ થી ૮૦ ટકા અને ૧૮૧ જળાશયોમાં ૭૦ ટકાથી ઓછુ જળસ્તર છે. હાલ સંપૂર્ણ ૧૦૦ ટકા ભરાયેલુ હોય તેવુ એક માત્ર જળાશય સુરેન્દ્રનગર નુ ચુડા છે. આ સિવાય મહિસાગરનુ વણાંકબોરી, બોટાદનુ ખાંભડા, કચ્છનુ કાલાઘોડા ટપ્પર, રાજકોટનુ આંજી-૧, સુરેન્દ્રનગરનુ ધોળીધજા, ૯૦ ટકા થી વધુ જળસ્તર ધરાવે છે. ગુજરાત રાજય દેશમાં ઉપલબ્ધ કુલ જળના ૨ ટકા અને કુલ વસ્તીના ૫ ટકા પાણીનો પુરવઠો ધરાવે છે.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠનની બેઠક હિંમતનગર ખાતે યોજાઈ: વન નેશન વન ઈલેકશન અંતર્ગત ચર્ચા યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા દ્વારા હિંમતનગર શહેરના ભાજપ કાર્યાલય ખાતે જિલ્લાની સંગઠનની બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં ઉત્તર ઝોનના મનકી બાત કાર્યક્રમના ઈન્ચાર્જ નિતીનભાઈ પટેલ ઉપસ્થિત રહી આગામી મન કી બાત ના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

જેમાં કાર્યકર્તાઓ સિવાય તમામ બુથોમાં જયાં કાર્યક્રમ થાય છે તેમાં સમાજના તમામ લોકોને જોડવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં વન નેશન વન ઈલેકશન અંતર્ગત માહિતી થી અવગત કરાવવામાં આવ્યા હતા. આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈપટેલ, મહામંત્રી વિજય પંડયા, મહેન્દ્રસિંહ રહેવર, લોકેશભાઈ સોલંકી સહિત જિલ્લામાંથી મંડલના પ્રમુખ અને મહામંત્રી ઉપસ્થિત રહ્યા હતા.



# આરોગ્ય વિભાગે ૨૧૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓને ઘર ભેગા કર્યા: ૫ હજારથી વધુને કારણદર્શક નોટીસ ફટકારી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના આરોગ્ય વિભાગના કર્મચારીઓની અચોકકસ મુદતની હડતાળને ૧૧ દિવસ પુરા થયા પરંતુ રાજય સરકારે તેમની માંગ હજુ સ્વીકારી નથી. આરોગ્ય કર્મીઓ ૧૭ માર્ચ થી હડતાળ પર ઉતર્યા છે. વિરોધ પ્રદર્શન કરી રહેલા આરોગ્ય કર્મચારીઓ પર આકરા પગલા લેવાનુ પણ સરકારે શરૂ કર્યુ છે. મળતી માહિતી મુજબ સરકારે ૨૧૦૦ થી વધુ આરોગ્ય કર્મચારીઓને છુટા કરી દીધા છે. તેમ છતાં આરોગ્ય કર્મચારીઓ ડગ્યા નથી અને હજુ પણ વિરોધ કરવા માટે મકકમ છે. તો બીજી તરફ સરકાર પણ તેમની માંગ ન સ્વીકારવા માટે મકકમ હોય તેવુ લાગી રહ્યુ છે. એનકેન પ્રકારે સરકાર આંદોલન અટકાવવાના પ્રયાસ કરી રહી છે. આરોગ્ય કર્મચારીઓના આંદોલનને જોતા ગાંધીનગરમાં પોલીસનો કાફલો પણ ખડકી દેવામાં આવ્યો છે. વિરોધ કરી રહેલા આરોગ્ય કર્મચારીઓની અટકાયત પણ કરવામાં આવી રહી છે. સરકાર આરોગ્ય કર્મચારીઓની માંગ સ્વીકારવી પડે તેવી સ્થિતિ સર્જાતા આરોગ્ય વિભાગે આરોગ્ય સેવાને રાતોરાત આવશ્યક સેવા ઘણાવી આરોગ્ય કર્મચારીઓ માટે એસ્મા લાગુ કરી દીધો. આ એસ્મા એકટ હેઠળ સરકારે આરોગ્ય કર્મચારીઓને નોટીસ આપીને તેમની સામે આકરા પગલા લઈ રહી છે. સરકારે અત્યાર સુધી ૨૧૦૦ થી વધુ આરોગ્ય કર્મચારીઓને છુટા કરી દીધા છે. તેમજ ૫ હજાર થી વધુને કારણદર્શક નોટીસ ફટકારી છે. આમ આરોગ્ય કર્મીઓને ફરજ પર પરત ફરવા દબાણ કરવામાં આવી રહ્યુ છે. પોતાનો હકક માંગતા આરોગ્ય કર્મચારીઓ પર સરકારે જો હુકમી કરી છે. તેમ છતાંય આરોગ્ય કર્મચારીઓ અડગ રહ્યા છે. ગઈ કાલે આરોગ્ય કર્મચારીઓએ વેલણ થાળી વગાડીને વિરોધ નોધાવ્યો હતો તેમજ આરોગ્ય કર્મચારી સંઘે ચેતવણી આપી છે કે જો બે દિવસમાં સરકાર વાટોઘાટો નહી કરે તો રાજયભરમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.




### ૩ કરોડના ખર્ચે સુવિધાઓ ઊભી કરાઈ

# ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા ૨૯મી માર્ચથી શરૂ થશે

## નર્મદા પરિક્રમામાં જુદા જુદા રાજ્યોના ભક્તો મોટી સંખ્યામાં આવતા હોવાથી નર્મદા જિલ્લાના વહીવટીતંત્રએ ખાસ તૈયારી શરૂ કરી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી લગભગ ૬ કિ.મી. સુધી ઉત્તર દિશામાં વહેતી હોવાથી ચૈત્ર મહિનામાં પંચકોશી ઉત્તારવાહિની પરિક્રમાનું વિશેષ માહાત્મ્ય છે. આ વર્ષે ૨૯મી માર્ચથી ઉત્તારવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા શરૂ થવા જઈ રહી છે, જે આગામી ૨૭મી એપ્રિલ એટલે કે લગભગ એક મહિના સુધી યોજાશે. નર્મદા પરિક્રમામાં જુદા જુદા રાજ્યોના ભક્તો મોટી સંખ્યામાં આવતા હોવાથી નર્મદા જિલ્લાના વહીવટીતંત્રએ ખાસ તૈયારી શરૂ કરી દીધી છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા નર્મદા પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો ભક્તો માટે ૩.૮૨ કરોડ રૂપિયાના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાના માર્ગમાં નર્મદા નદીના શહેરાવ ઘાટ, રેંગણ ઘાટ, રામપુરા ઘાટ અને તિલકવાડા ઘાટ આવેલ છે. આ તમામ ઘાટ પર મોટી સાઈઝના મંડપો, ખુરશી, બેરીકેડિંગ, લાઈટિંગ, ટૉયલેટ બ્લૉક, ચેન્જિંગ રૂમ, મેડિકલ બૂથ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, પોલીસ બૂથ માટે મંડપ, પીવાના પાણીની સુવિધા, સીસીટીવી કેમેરા, ચેતવણી બોર્ડ, ડી. જી. સેટ, સાઈનબોર્ડ્સ, પાર્કિંગ, યાત્રિકોને લાઈનમાં ઊભા રહેવા માટેની રેલિંગ, વોચ ટાવર, ફૂડ સ્ટોલ તથા સ્નાન માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ ઉપરાંત પરિક્રમા માર્ગ પર લાઈટિંગ, સાઈનેજિસ, કચરાપેટી, સીસીટીવી કેમેરા, સીનિયર સિટીઝન માટે બેઠક વ્યવસ્થા, ટોયલેટ યુનિટ, ઈમર્જન્સી કામગીરી માટે જેસીબી, હિટાચી, ક્રેન, દોરડા જેવી મશીનરી તથા વસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાને પગલે નર્મદા જિલ્લાના તમામ અધિકારીઓની રજાઓ રદ કરી કરી દેવામાં આવી છે. જિલ્લા કલેક્ટરની પૂર્વ મંજૂરી સિવાય કર્મચારી અધિકારી હેડ કેવાટર નહીં છોડવાના આદેશો આપવામાં આવ્યો છે. જિલ્લાના વિવિધ વિભાગોના કર્મચારીઓને નર્મદા પરિક્રમા માટે વિવિધ જવાબદારી સોંપવામાં આવી છે. આ વર્ષે નર્મદા પરિક્રમામાં લાખો ભક્તો ઉમટી પડવાની સંભાવનાના કારણે આ નિર્ણય લેવાયો છે.